dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26


Year - 08 | Issue - 259 | AD - 2025, Jeth Vad-12 | Monday, Dt.23-06-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


## ઈરાનના પરમાણુ સ્થળો પર હવાઈ હુમલા કરી અમેરિકી વિમાન પરત ફર્યા

# યુધ્ધમાં અમેરિકા સામેલ : ઈરાનના ત્રણ પરમાણુ મથકો પર હુમલો કર્યો

વોશિંગ્ટન,તા.૨૨

આખરે, જે વાતનો ડર હતો તે થયું. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પર હુમલો કરવાના નિર્ણય પર અંતિમ મહોર લગાવી દીધી અને અમેરિકન બોમ્બરોએ ઈરાનના ત્રણ પરમાણુ ઠેકાણા પર હુમલો કર્યો. અમેરિકાએ ઈરાનના ત્રણ મુખ્ય પરમાણુ ઠેકાણા, ફોર્ડો, નતાન્ઝ અને ઈસ્ફહાન પર હવાઈ હુમલા કર્યા છે. યુએસ પ્રમુખ ટ્રમ્પે તેને સફળ હુમલો ગણાવ્યો છે. આ હુમલા પછી, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર લખ્યું - "અમે ઈરાનમાં ત્રણ પરમાણુ સ્થળો - ફોર્ડો, નતાન્ઝ અને ઈસ્ફહાન પર સફળતાપૂર્વક હુમલો કર્યો છે. હુમલા પછી, બધા વિમાનો હવે ઈરાનના હવાઈ ક્ષેત્ર છોડી ચૂક્યા છે. બોમ્બનો સંપૂર્ણ પેલોડ ફોર્ડો ખાતેના પરમાણુ મથક પર ફેંકી દેવામાં આવ્યો છે. બધા વિમાનો સુરક્ષિત રીતે પાછા ફરી રહ્યા છે. આપણા મહાન અમેરિકન યોદ્ધાઓને અભિનંદન. દુનિયામાં બીજી કોઈ સેના નથી જે આ કરી શકી હોત. હવે શાંતિનો સમય છે! આ મુદ્દા પર ધ્યાન આપવા બદલ આભાર." રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, "એ ધ્યાનમાં રાખવું પડશે કે આપણી પાસે હજુ પણ ઘણા લક્ષ્યો બાકી છે. આજની રાતનો હુમલો સૌથી કઠિન અને કદાચ અત્યાર સુધીનો સૌથી ઘાતક હતો. પરંતુ જો ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ટૂંક સમયમાં શાંતિ નહીં આવે, તો અમે તે અન્ય લક્ષ્યો પર ફરીથી ચોકસાઈ, ઝડપ અને કુશળતાથી હુમલો કરીશું. તેમાંથી મોટાભાગનાને થોડીવારમાં નષ્ટ કરી શકાય છે." ટ્રમ્પે કહ્યું, "હું વડાપ્રધાન નેતન્યાહૂનો આભાર માનું છું અને અભિનંદન આપું છું. અમે એક ટીમ તરીકે કામ કર્યું છે જે કદાચ પહેલાં કોઈ ટીમે કર્યું નથી. અમે આ ભયંકર ખતરાને નાબૂદ કરવામાં ખૂબ આગળ વધ્યા છીએ. હું ઈઝરાયલી સેનાનો તેમના



મહાન કાર્ય માટે આભાર માનવા માંગુ છું. સૌથી અગત્યનું, હું મહાન અમેરિકન દેશભક્તોને અભિનંદન આપવા માંગુ છું જેમણે રાત્રે તે ભવ્ય મશીનો ઉડાવ્યા અને સમગ્ર યુએસ સૈન્યને એક ઓપરેશન માટે અભિનંદન આપવા માંગુ છું જે વિશ્વએ ઘણા દાયકાઓમાં જોયું નથી." ટ્રમ્પે કહ્યું કે અમેરિકાએ ઈરાનના ત્રણ પરમાણુ સ્થળો પર હુમલો કર્યો છે. રાષ્ટ્રને સંબોધનમાં, ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, "અમારો ઉદ્દેશ્ય ઈરાનના પરમાણુ સ્થળોનો નાશ કરવાનો અને વિશ્વના નંબર એક આતંકવાદ પ્રાયોજક દેશ દ્વારા ઉભા થયેલા પરમાણુ જોખમને રોકવાનો હતો. હું વિશ્વને કહી શકું છું કે આ હુમલાઓ એક મોટી લશ્કરી સફળતા હતી. ઈરાનના મુખ્ય પરમાણુ સ્થળો સંપૂર્ણપણે નાશ પામ્યા છે. રાષ્ટ્રને સંબોધનમાં, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે ઈરાન છેલ્લા ૪૦ વર્ષથી વિસ્ફોટ કરી રહ્યું છે. હજુ પણ ઘણા લક્ષ્યો બાકી છે. આનો પણ નાશ કરવામાં આવશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે અમેરિકાએ ઈરાનના આ પરમાણુ મથકોને નિશાન બનાવવા માટે બી-૨ બોમ્બરનો ઉપયોગ કર્યો હતો. કારણ કે હુમલા પહેલા, એવા સમાચાર હતા કે અમેરિકાએ મિઝોરીના વ્હાઈટમેન એરફોર્સ બેઝથી ગુઆમમાં તેના શક્તિશાળી બી-૨ સ્પિરિટ સ્ટીલ્થ બોમ્બર મોકલ્યા છે. તે સમયે, ઈરાન પર હુમલાની શક્યતા વધી ગઈ હતી. ગુઆમ પશ્ચિમ પેસિફિક મહાસાગરમાં એક મહત્વપૂર્ણ યુએસ લશ્કરી મથક છે. આ લશ્કરી મથક મધ્ય પૂર્વની ખૂબ નજીક છે. ઈરાનના જે ત્રણ પરમાણુ મથકો પર અમેરિકાએ બોમ્બમારો કર્યો છે તેમાં ફોર્ડોને ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે કારણ કે તે ઈરાનનું સૌથી સુરક્ષિત પરમાણુ મથક છે. ઈરાનના આ પરમાણુ મથક વિશે દુનિયાને ૨૦૦૯ માં ખબર પડી હતી. આ પરમાણુ મથક જમીનથી લગભગ અડધો માઈલ નીચે પહાડી વિસ્તારમાં બનાવવામાં આવ્યું છે. તે ખાસ રીતે બનાવવામાં આવ્યું હતું જેથી સામાન્ય બોમ્બમારાથી વધારે નુકસાન ન થાય. પરંતુ અમેરિકાએ આ પરમાણુ સ્થળ પર બોમ્બનો આખો પેલોડ ફેંકી દીધો છે. આના કારણે ઘણું નુકસાન થવાની આશંકા છે. અગાઉ, ઈરાનની સરકારી સમાચાર એજન્સી આઈઆરએનએએ દેશના ફોર્ડો પરમાણુ સ્થળો પર હુમલાનો સ્વીકાર કર્યો તો.

# પહેલગામ હુમલામાં આતંકીઓને મદદ કરનારા બે લોકો ઝડપાયા


પહેલગામ,તા.૨૨

પહેલગામ આતંકી હુમલામાં નેશનલ ઈન્ટેલિજન્સ એજન્સી (NIA)ને એક મોટી સફળતા હાંસલ થઈ છે. તપાસ એજન્સીએ આ ઘાતક હુમલામાં સામેલ



પાકિસ્તાની આતંકવાદીઓને મદદ કરનારા બે લોકોની ધરપકડ કરી છે. ધરપકડ કરવામાં આવેલા આ બે મદદગારની ઓળખ પહેલગામના બટકોટમાં રહેતા પરવેઝ અહમદ જોથર અને હિલ પાર્કના બશીર અહમદ જોથર રૂપે થઈ છે. તપાસ એજન્સીએ જણાવ્યા પ્રમાણે, પૂછપરછમાં આ બંને જણે ત્રણ હુમલાખોરોની ઓળખ કરી હતી. જેથી ખાતરી થઈ છે કે, તેઓ પ્રતિબંધિત આતંકી જૂથ લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલા પાકિસ્તાની નાગરિક હતા. પરવેઝ અને બશીરે આતંકવાદીઓને જાણી જોઈને આશ્રય આપ્યો હતો. તેમને ભોજન અને માલ-સામાન પૂરો પાડ્યો હતો. અહીં રહ્યા બાદ આતંકવાદીઓએ પર્યટન સ્થળની રેકી કરી હુમલાને અંજામ આપ્યો હતો. આ હુમલામાં ૨૬ નિર્દોષ પર્યટકોના મોત થયા હતાં. જ્યારે અનેક ઘાયલ થયા હતાં.

# હવામાન વિભાગ દ્વારા દેશના ૧૯ રાજ્યોમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ



ન્યૂ દિલ્હી,તા.૨૨

ચોમાસુ હજુ સુધી ફક્ત દિલ્હી, હરિયાણા, ચંદીગઢ અને પંજાબમાં પહોંચ્યું નથી. હવામાન વિભાગે આજે મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશ સહિત ૧૯ રાજ્યોમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. તેમજ, બિહાર, બંગાળ, ઝારખંડ, કર્ણાટક, કેરળ, અરુણાચલ પ્રદેશ, છત્તીસગઢ, જમ્મુ અને કાશ્મીરમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. દિલ્હીમાં શનિવાર સાંજથી ભારે વરસાદ પડી રહ્યો છે. ઓડિશાના બાલાસોર જિલ્લામાં સુબર્ણરેખા નદીમાં અચાનક આવેલા પૂરથી ૫૦ હજારથી વધુ લોકો અસરગ્રસ્ત થયા છે. નદીનું પાણીનું સ્તર ૧૦.૩૬ મીટરના ભયજનક નિશાનને પાર થઈ ગયું છે. શુક્રવાર રાતથી પડી રહેલા વરસાદને કારણે મધ્યપ્રદેશના ચિત્રકૂટમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. ગુપ્ત ગોદાવરી ટેકરી પર પાણીના ભારે વહેણને કારણે શ્રદ્ધાળુઓની એન્ટ્રી બંધ કરી દેવામાં આવી છે. ગુનાના ફતેહગઢની કોહાન નદીમાં એક ટ્રેક્ટર-ટ્રોલી તણાઈ ગઈ હતી, જેમાં ૩ યુવાનોના મોત થયા હતા.



















સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
સોમવાર, તા. ૨૩-૦૬-૨૦૨૫

# અમરેલી જિલ્લામાં ૭૭ ગ્રામ પંચાયતોની ચૂંટણી શાંતિપૂર્ણ રીતે સંપન્ન

**અનિચ્છનીય બનાવ ન બનતા તંત્રએ હાશકારો અનુભવ્યો**

અમરેલી, તા.૨૨

અમરેલી જિલ્લામાં ૮૯ ગ્રામ પંચાયતોની ચૂંટણી શાંતિમય વાતાવરણમાં પૂર્ણ થતા તંત્રએ હાશકારો અનુભવ્યો છે. અમરેલી જિલ્લામાં ૧૧૪ ગ્રામ પંચાયતની ચૂંટણી હતી. જેમાંથી ૩૭ ગ્રામ પંચાયતની ચૂંટણી બિનહરીફ જાહેર થઈ હતી. જ્યારે બાકી રહેલી ૭૭ ગ્રામ પંચાયત અને ૧૨ ગ્રામ પંચાયતની પેટાચૂંટણી માટે મતદાન થયું હતું જેમાં અમરેલી તાલુકાની ૬ ગ્રામ પંચાયતમાં ૭૨.૩૦%, બાબરા તાલુકાની ૧૦ ગ્રામ પંચાયતમાં



૭૫.૧૦%, ધારી તાલુકાની ૧૬ ગ્રામ પંચાયતમાં ૬૮.૭૪%, જાફરાબાદ તાલુકાની ચાર ગ્રામ પંચાયત ચૂંટણી માટે ૭૦%, ખાંભા તાલુકાની આઠ ગ્રામ પંચાયતમાં ૭૯%, વડીયા તાલુકાની પાંચ ગ્રામ પંચાયતમાં ૭૬%, લાઠી તાલુકાની સાત ગ્રામ પંચાયતમાં ૬૮%, લીલીયા તાલુકાની ત્રણ ગ્રામ પંચાયતમાં ૬૮%, રાજુલાની ૯ ગ્રામ પંચાયતમાં ૭૭%, સાવરકુંડલા તાલુકાની ૯ ગ્રામ પંચાયતમાં ૭૨% મતદાન થયું હતું.

**સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટાફે પ્રશંસનીય કામગીરી કરી**

# દિવ્યાંગો અને વૃદ્ધોને મતદાન બૂથ સુધી પહોંચાડવા માટે મદદ કરી

સાવરકુંડલા, તા.૨૨

ગ્રામ પંચાયત ચૂંટણી દરમિયાન સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટાફે પ્રશંસનીય કામગીરી બજાવી હતી. મતદાન મથકો પર આવેલા દિવ્યાંગ, વયોવૃદ્ધ અને અશક્ત મતદારોને મતદાન બૂથ સુધી પહોંચાડવા માટે પોલીસે મદદ



કરી હતી. પોલીસકર્મીઓએ આવા મતદારોને વ્હીલચેર અથવા અન્ય જરૂરી સહાય પૂરી પાડી હતી, જેથી તેઓ સરળતાથી પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે. પોલીસની આ સંવેદનશીલ અને મદદરૂપ ભૂમિકાની સ્થાનિક નાગરિકો દ્વારા સરાહના કરવામાં આવી રહી છે.

# અમરેલી પોલીસની સરાહનીય પહેલ : દિવ્યાંગો અને વૃદ્ધોને મતદાનમાં મદદ કરી

અમરેલી, તા.૨૨



સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી-૨૦૨૫ દરમિયાન અમરેલી જિલ્લા પોલીસે પ્રશંસનીય કાર્ય કર્યું હતું. મતદાનના દિવસે દિવ્યાંગ અને વયોવૃદ્ધ મતદારોને મતદાન કેન્દ્ર સુધી પહોંચાડવા અને પરત લાવવામાં પોલીસકર્મીઓએ મદદ કરી હતી. આ પહેલથી અનેક મતદારો સરળતાથી પોતાનો મતાધિકારનો ઉપયોગ કરી શક્યા હતા, જેની વ્યાપક પ્રશંસા થઈ રહી છે.

# વડીયાની દેવળકી પંચાયત ચૂંટણીમાં પોલીસે વૃદ્ધ મતદારોને જોળીમાં ઉપાડી મતદાન કરાવ્યું

વડીયા, તા.૨૨

અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા એવા વડીયાની પાંચ ગ્રામ પંચાયતોમાં રવિવારે ચૂંટણી યોજાઇ હતી. જેમાં વડીયાના પીએસઆઇ ગાંગળા દ્વારા સ્ટાફને કાયદો અને વ્યવસ્થાની જાળવણી સાથે વૃદ્ધ અને દિવ્યાંગ મતદારોને મદદરૂપ થવા અપીલ કરાઈ હતી. દેવળકી



ગ્રામ પંચાયતની ચૂંટણીમાં પોલીસની સરાહનીય કામગીરી જોવા મળી હતી. જે દિવ્યાંગ અને વૃદ્ધ મતદારો ચાલી શકતા નથી તેઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે તેમને કપડાંની જોળીમાં ઉપાડીને મહિલા અને પુરુષ કોન્સ્ટેબલે મતદાન કરાવ્યું હતું. આ બાબત સોશિયલ મીડિયામાં પણ વાયરલ થઈ હતી અને લોકોએ પોલીસની આ કામગીરીને બિરદાવી હતી.

# ખોવાયેલો મોબાઈલ મૂળ માલિકને સોંપતી ચલાલા પોલીસ

અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લા પોલીસ વડા દ્વારા 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમને સાર્થક કરવા માટે સૂચના આપવામાં આવી હતી. જે અન્વયે ચલાલા પોલીસના પીઆઈ જી.આર.



વસૈયાના માર્ગદર્શન નીચે ચલાલા પોલીસની હદમાં ચોરાયેલા મોબાઈલ માટે હ્યુમન સોર્સનો ઉપયોગ કરી મોબાઈલને શોધી આ મોબાઈલ મૂળ માલિકને સોંપવામાં આવ્યો હતો. ચલાલા પોલીસે 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમને સાર્થક કર્યો હતો.

# અમરેલી ફોરમ પ્રા. શાળામાં વિદ્યાર્થીઓને ગુડ ટચ-બેડ ટચની માહિતી અપાઈ

અમરેલી, તા.૨૨

હ્યુમન રાઈટ્સ પ્રોટેક્શન સેલ અમરેલી દ્વારા બાળકોને ગુડ ટચ-બેડ ટચ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જેના દ્વારા બાળકોને પોતાનું સ્વરક્ષણ અને કોઈ પણ આપત્તિના સમયમાં શું કરવું અને શું ન કરવું તેની વિશેષ માહિતી પુરી પાડવામાં આવી




હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સેલના ઈન્ચાર્જ ભાવનાબેન ભટ્ટ, હિરલબા વાળા, ટ્રસ્ટી મુકેશભાઈ ગોહેલ, આચાર્ય વિલાસબેન ગોહેલ, સ્ટાફ ગણ ચાંદનીબેન અને તન્વીબેન ટાંકે ભારે જહેમત ઉઠાવી હતી.

# અમરેલી શહેરમાં બ્રહ્માકુમારીઝ દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી

અમરેલી, તા.૨૨



અમરેલીમાં બ્રહ્માકુમારીઝ દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. એક પૃથ્વી એક સ્વાસ્થ્ય માટે યોગ આ સૂત્રને સાર્થક કરવા બ્રહ્માકુમારીઝ દ્વારા કેરીયા રોડ ખાતે દિવ્ય અનુભૂતિ ભવનમાં ૧૦૦થી વધુ ભાઈ-બહેનોએ રાજયોગ તથા શારીરિક સ્વાસ્થ્ય માટે વિભિન્ન યોગાસન કર્યા હતા. અમરેલી સેવા કેન્દ્રના મુખ્ય સંચાલિકા બ્ર.કુ. ગીતાદીદીએ આ તકે અમરેલીના ૬૦થી વધારે ઈશ્વરીય પરિવારોમાં યોગ કરવાથી દરેકના ઘરમાં શાંતિ અને સદભાવના સ્થપાઈ હોવાનું જણાવ્યું હતું.

# ઉડાન લેડીઝ ક્લબ દ્વારા યોગ દિવસની ભવ્ય ઉજવણી કરાઈ

બાબરા, તા.૨૨

ઉડાન લેડીઝ ક્લબ દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. ક્રિષ્નાબેન ત્રિવેદી અને અંજલીબેન પલાણે યોગ વિશે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપ્યું હતુ. અંજલીબેન પલાણે ઝુમ્બા યોગનું નિદર્શન કરાવ્યું, જે સંપૂર્ણ શરીર માટે અત્યંત ફાયદાકારક છે.



તસવીર : વિજય માળી

બહેનોએ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. અંતે, નીતાબેન ડી. સૂચકે ભાગ લેનાર તમામ બહેનોનો આભાર માન્યો અને ક્લબ દ્વારા ભવિષ્યમાં યોજાનાર વિવિધ કાર્યક્રમો વિશે માહિતી આપી હતી.

# સા.કુંડલામાં ભારે વરસાદને લીધે થયેલ નુકસાનની મુખ્યમંત્રીને રજૂઆત કરતા નારણ કાછડીયા

અમરેલી,તા.૨૨

હાલ અમરેલી જિલ્લામાં અનેક વિસ્તારોમાં પડેલ મૂશળધાર વરસાદને લીધે વ્યાપક પ્રમાણમાં નુકસાન થયેલ છે ત્યારે પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાએ સાવરકુંડલા તાલુકાના આસપાસના પિપરડી, ફિફાદ, ઘોબા, મેકડા,



વિરડી સહિતના ગામોમાં જઈ સ્થાનિક આગેવાનો સાથે મુલાકાત કરી નુકસાની અંગે માહિતી મેળવી હતી તથા આ બાબતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ, કૃષિમંત્રી રાવજીભાઈ તથા કલેકટરને સ્થળ ઉપર જ જાણ કરી હતી. અને રાજ્ય સરકાર અને જિલ્લા વહિવટી તંત્રને તાત્કાલિક અસરથી સર્વે કરી આગળની કાર્યવાહી કરવા રજૂઆત કરી ઘટતું કરવા તાકીદ કરી છે.

# જાગૃત નાગરિકની સમયસૂચકતાથી પીડિતાનો બચાવ : ૧૮૧ અભયમ ટીમે સમયસર પહોંચી યુવતીને આપી સુરક્ષા

**ગેંગ રેપ કરાવીને મારી નાખશે તેવી ધમકી પીડિતાને આપી હતી**

અમરેલી, તા.૨૨

અમરેલી જિલ્લાના એક જાગૃત નાગરિકે ૧૮૧ અભયમ હેલ્પલાઈન પર કોલ કરી એક યુવતીની મદદ કરી હતી. એક યુવકે પ્રેમ સંબંધમાં ઝઘડાનું સમાધાન કરવાના બહાને યુવતીને રાત્રે ૨ વાગે બહાર બોલાવી હતી. યુવતીને બાઈક પર એક વાડીમાં લઈ જઈ છરી અને લાકડી વડે માર માર્યો હતો અને યુવકે યુવતીને કહ્યું કે તે તેના પર ગેંગ રેપ કરાવીને મારી નાખશે – આવું તે અગાઉ પણ એક છોકરી સાથે કરી ચૂક્યો છે તેવી ધમકી આપી હતી. દરમિયાન યુવતીને હોટેલ પાસે માણસો દેખાતા તે બાઈક પરથી કૂદીને બચાવવા માટે કહ્યું હતું. એક જાગૃત નાગરિકે તરત ૧૮૧ પર કોલ કરી જાણ કરી હતી. અભયમની ટીમ – કાઉન્સેલર રીટાબેન પરમાર, કંચનબેન (જીઆરડી) અને પાયલોટ સંજયભાઈ મકાણી ઘટના સ્થળે પહોંચ્યા હતા. યુવતીનું કાઉન્સેલિંગ કરતા તેણે સમગ્ર ઘટનાની વિગતો આપી હતી. યુવતીને શારીરિક ઈજા થઈ હોવાને કારણે અને લોહી વહેતું હોવાથી ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંર્પૂણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




# જાફરાબાદમાં પારેખ એન્ડ મહેતા સ્કૂલ ખાતે યોગ દિવસ ઉજવાયો

જાફરાબાદ,તા.૨૨

જાફરાબાદમાં પારેખ એન્ડ મહેતા સ્કૂલ ખાતે તાલુકા કક્ષાનો ૧૧મો યોગ દિવસ ઉજવાયો હતો. સમગ્ર દેશના લોકો સ્વસ્થ રહે તે હેતુ સાથે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવા લોકોને આહ્વાન કર્યું હતું. દરેક તાલુકા સ્થળ અને ગ્રામ્ય વિસ્તારમાં પણ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જાફરાબાદમાં પારેખ



તસવીર : બાબુભાઈ વાઢેળ

એન્ડ મહેતા હાઈસ્કૂલ ખાતે જાફરાબાદ વહીવટી વિભાગ દ્વારા તાલુકા કક્ષાનો યોગ દિવસ ઉજવવામાં આવ્યો હતો જેમાં જાફરાબાદ મામલતદાર કચેરીનો સ્ટાફ, તાલુકા પંચાયત કચેરીનો સ્ટાફ, સ્કૂલના વિદ્યાર્થીઓ, નગરપાલિકાના કર્મચારીઓ તેમજ શહેર અને ગ્રામ્ય વિસ્તારોના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# ભારે વરસાદની આગાહીને લઈ અમરેલી જિલ્લામાં એસડીઆરએફની ટીમ તૈનાત

**કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે ટીમ ખડેપગે તૈનાત રહેશે**



અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લામાં ભારે વરસાદની આગાહીને પગલે SDRFની એક ટીમ તૈનાત કરવામાં આવી છે. સાવરકુંડલા પંથકમાં ૧૦ ઈંચ વરસાદથી મેરામણ નદીમાં પૂર આવતાં ધોબા ગામે પરપ્રાંતીય મજૂરો ફસાયા હતા. SDRFની ટીમે જીવના જોખમે આ પાંચેય માનવ જિંદગીઓ બચાવી હતી. હજુ પણ અમરેલી રેડ ઝોનમાં હોવાથી અને આસપાસના રાજુલા-જાફરાબાદ દરિયાઈ કાંઠાના વિસ્તારો હોવાથી, ૨૪ જવાનો અને એક PSI સાથેની SDRFની વધુ એક ટીમ સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. કોઈપણ વિકટ પરિસ્થિતિમાં માનવ જિંદગીઓને બચાવવા SDRF ટીમ સક્ષમ સાબિત થઈ છે. અમરેલી જિલ્લામાં ભારે વરસાદની આગાહી હોવાથી તંત્ર દ્વારા એસડીઆરએફની ટીમને ખડેપગે રાખવામાં આવી છે. જેથી જિલ્લામાં ક્યાંય પણ ગંભીર ઘટના બને તો ટીમ તરત જ ઘટનાસ્થળે પહોંચી શકે.

# અમરેલી જિલ્લામાં મેઘરાજાનું આગમન બગસરામાં સવા, વડીયામાં એક ઈંચ વરસાદ

અમરેલી,તા.૨૨

સમગ્ર રાજય સહિત અમરેલી જિલ્લામાં હવામાન વિભાગ દ્વારા વરસાદની આગાહી કરવામાં આવી છે. અમરેલી જિલ્લામાં વરસાદને લઈ યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જિલ્લામાં છેલ્લાં બે દિવસથી કાળઝાળ ગરમી પડી રહી હતી જેના લીધે લોકો પણ અકળાયા હતા. હાલ વિધિવત રીતે ચોમાસુ રાજ્યમાં પ્રવેશી ચૂક્યું હોય અને ખેડૂતોએ પોતાના ખેતરમાં ખેતીપાકનું વાવેતર પણ કરી નાખ્યું હોવાથી વરસાદની તાતી જરૂરિયાત હતી. રવિવારે વહેલી સવારથી આકાશમાં કાળા ડિબાંગ વાદળો જોવા મળ્યા હતા. બગસરામાં વહેલી સવારથી જ ઝરમર વરસાદ વરસી રહ્યો હતો તો અમરેલીમાં પણ સતત વરસાદ વરસતા રસ્તાઓ પણ પાણી ફરી વળ્યા હતા. લાંબા સમયના વિરામ બાદ અમરેલી જિલ્લામાં ધીમી ગતિએ મેઘરાજાએ આગમન કરતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. ખેતી પાકનું વાવેતર થઈ ગયું હોવાથી ઝરમર વરસાદ પણ ખેતીપાક માટે આશીર્વાદ સમાન સાબિત થશે. સાંજના ૬ વાગ્યા સુધીના વરસાદી આંકડા પર નજર કરીએ તો બગસરામાં સવા ઈંચ, વડીયામાં એક ઈંચ, બાબરામાં ૧૮ મીમી, અમરેલીમાં ૧૬ મીમી, સાવરકુંડલામાં ૧૫ મીમી વરસાદ પડ્યો હતો.



**બગસરા શહેરનો બનાવ**

# પાંચ વર્ષ પહેલા થયેલી બોલાચાલીના મનદુ:ખમાં પ્રૌઢને ફડાકા ઝીક્યા

**દંપતીને ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી**

બગસરા, તા.૨૨

બગસરામાં પાંચ વર્ષ પહેલા થયેલી બોલાચાલીના મનદુ:ખમાં પ્રૌઢને ફડાકા ઝીકીને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે હરેશભાઈ મેઘજીભાઈ રંગાડીયા (ઉ.વ.૬૭)એ ભાવેશ ચંદુભાઈ સોલંકી, મુનાભાઈ મહાજન ઉર્ફે પરેશભાઈ ધકાણ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમને ભાવેશ સોલંકી સાથે પાંચ વર્ષ પહેલા બોલાચાલી થઈ હતી. જેનું મનદુ:ખ રાખી બંનેએ જેમ ફાવે તેમ ગાળો આપી તેમને ગાલ પર ત્રણ-ચાર લાફા મારી મુંઢ ઈજા પહોંચાડી હતી. જે બાદ મુનાભાઈ તથા ભાવેશભાઈએ લાકડાનો ધોકો લઈ તેમના ઘર સુધી આવ્યા હતા અને તેમને તથા તેના પત્નીને ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી હતી. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.એચ. મીંગ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના વડેરા ખાતે બાળકોને વાહકજન્ય રોગો વિશે માહિતગાર કરાયા

અમરેલી,તા.૨૨

અમરેલીના વડેરા ખાતે આયુષ્યમાન આરોગ્ય મંદિર દ્વારા પ્રાથમિક શાળા ખાતે આર.કે.એસ.કે. કાર્યક્રમ અંતર્ગત ધોરણ પથી ધોરણ ૮ ના બાળકોના વજન, ઊંચાઈ અને બી.એમ.આઈ.ની તપાસ કરવામાં આવી હતી તથા બાળકોને આરોગ્ય વિષયક શિક્ષણ જેમ કે વાહકજન્ય રોગ ફેલાવાના કારણો, તેને અટકાવવાના ઉપાયો, ગપ્પી ફીશ ડેમોસ્ટ્રેશન, આહારમાં પૌષ્ટિક ખોરાક લેવાના ફાયદા સમજાવવામાં આવેલ હતા. આ કાર્યક્રમના અંતે બાળકોને નાસ્તો આપવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આયુષ્યમાન આરોગ્ય મંદિર વડેરાના સ્થાનિક સ્ટાફ સપનાબેન રાણવા, ડી.જી. રાજયગુરૂ, કે.બી. દુધાત, બીલકીસબેન ભટ્ટી, કાજલબેન જાદવ, પ્રાથમિક શાળા વડેરાના આચાર્ય નીતિનભાઈ જાની અને પ્રાથમિક શાળા વડેરાના સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# લાઠી ખાતે લેઉવા પટેલ સમાજ દ્વારા ૩ નવેમ્બરના રોજ સમૂહલગ્ન યોજાશે

**નામ નોંધણી કરાવવા માટે ગોપી બેટરીનો સંપર્ક કરવો**

અમરેલી,તા.૨૨

આજના સમયમાં લગ્ન માટે વાલીઓને ચિંતા સતાવતી હોય છે. આજની મોંઘવારીમાં લગ્ન સમારંભ કરવા માટે વાલીઓને ઘણીવાર નાણાની ખેંચ પણ પડતી હોય છે ત્યારે આવા ખોટા ખર્ચ બંધ કરીને વાલીઓ પોતાના સંતાનોના લગ્ન ધામધૂમથી ઉજવી શકે તે માટે લેઉવા પટેલ સમાજ દ્વારા સમયાંતરે સમૂહલગ્નનું આયોજન થતું હોય છે. જેના ભાગરૂપે લેઉવા પટેલ સમાજ લાઠી દ્વારા આગામી તા.૩ નવેમ્બર ૨૦૨૫ને સોમવારના રોજ સમૂહલગ્નનું આયોજન કર્યું છે. લગ્નમાં ભાગ લેવા ઈચ્છતા પરિવારો માટે તા.૧૧ જૂનથી લગ્ન નોંધણી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ગોપી બેટરી સર્વિસ, તાલુકા પંચાયત સામે, મારૂતિ કોમ્પલેક્ષ ખાતે લગ્નનોંધણીના ફોર્મ સ્વીકારવામાં આવશે. વધુ માહિતી માટે મો.નં.૯૪૨૭૭ ૪૫૨૪૫ અને ૯૪૨૮૦ ૪૦૬૭૭ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# દામનગર એસબીઆઈ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો, રક્તદાતાઓ ઉમટ્યા

**રક્તદાતાઓને ભેટ અને સ્મૃતિપત્ર એનાયત કરવામાં આવ્યા**



દામનગર,તા.૨૨

દામનગર શહેરની SBI બેંક દ્વારા સિવિલ હોસ્પિટલ ખાતે રક્તદાન કેમ્પનું સુંદર આયોજન કરાયું હતું. બ્રાન્ચ મેનેજર જીગર હિંગુના માર્ગદર્શન હેઠળ યોજાયેલ રક્તદાન કેમ્પમાં રક્તદાતાઓએ ઉત્સાહભેર રક્તદાન કર્યું હતું. અમરેલી સિવિલ હોસ્પિટલ શાંતાબા મેડિકલ કોલેજ સ્ટાફ અને દામનગર સિવિલના તબીબો હાજર રહ્યા હતા. રક્તદાન કેમ્પનો બ્રાન્ચ મેનેજર જીગર હિંગુએ રક્તદાન કરી પ્રારંભ કર્યો હતો. દામનગર SBIના સ્ટાફ દ્વારા ઉત્સાહભેર રક્તદાન કરાયું હતું. સ્થાનિક અગ્રણી જીતુભાઈ નારોલા, સચિનભાઈ બોખા, ગોબરભાઈ નારોલા, હસુભાઈ ભડકોલીયાના વરદ હસ્તે રક્તદાતાઓને ભેટ સોગાદ અને સ્મૃતિપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

# રાજુલાની સંઘવી હાઈસ્કૂલમાં તાલુકા-નગરપાલિકા કક્ષાએ યોગ દિવસની ઉજવણી



રાજુલા, તા.૨૨

૨૧મી જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે રાજુલામાં તાલુકા કક્ષાનો યોગ કાર્યક્રમ યોજાયો હતો. રાજુલા તાલુકાની જે.એ. સંઘવી હાઈસ્કૂલમાં આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ તકે ડો.મેહુલ કુમાર બરસરા પ્રાંત અધિકારી, એસ.બી. પુરોહીત મામલતદાર, એન.એ. સરવૈયા તાલુકા વિકાસ અધિકારી, સોયેબભાઈ સુમરા તાલુકા શિક્ષણ અધિકારી, રવુભાઈ ખુમાણ નગરપાલિકા સદસ્ય વગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે હાજર રહેલા લોકોએ એકસાથે યોગાસન કરી "એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ"ના સંદેશાને આત્મસાત કરીને આરોગ્ય પ્રત્યે કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. કાર્યક્રમ દરમ્યાન રાજુલા તાલુકાની શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, નગરજનો, સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ, પોલીસ જવાનો, કોસ્ટગાર્ડ જવાનો તથા રાજુલા તાલુકાના યોગપ્રેમીઓએ ઉમંગપૂર્વક ભાગ લીધો હતો.

# સાવરકુંડલાના ધનાબાપુના આશ્રમમાં રાધાકૃષ્ણ મંદિરનો ૨૦મો પાટોત્સવ ઉજવાયો



સાવરકુંડલા, તા.૨૨

સાવરકુંડલા શહેરમાં આવેલા સંત શ્રી ધનાબાપુના આશ્રમમાં રાધાકૃષ્ણ મંદિરને ૨૦ વર્ષ પૂર્ણ થતાં પાટોત્સવનો કાર્યક્રમ ભારે ઉત્સાહ અને ભક્તિભાવ સાથે ઉજવાયો હતો. આ પ્રસંગે જળયાત્રા, રાસ ગરબા, પંચામૃત અભિષેક, શણગાર આરતી, અન્નકૂટ આરતી, હોમ હવન યજ્ઞ જેવા કાર્યક્રમો યોજાયા હતાં. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રેરણાસ્ત્રોત મહંત શ્રી રામજીભગત ગુરૂ શ્રી ધનાબાપુના આશીર્વાદ સાથે રાધાકૃષ્ણ મહિલા મંડળ ગ્રુપ અને સંયોજક શ્રી સૂર્યમુખી હનુમાન મિત્ર મંડળ ગ્રુપ દ્વારા કરવામાં આવેલ. આ પ્રસંગે વિશાળ સંખ્યામાં ભાવિકોએ દર્શન અને મહાપ્રસાદનો લાભ લીધો હતો.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

સવિતાબેન બાબુભાઈ ડોડીયા (ઉ.વ.૮૫) તે મનસુખભાઈ બાબુભાઈ ડોડીયા, કાળુભાઈ બાબુભાઈ ડોડીયા, શાંતિભાઈ બાબુભાઈ ડોડીયાના માતાનું તા.૧૮/૬/૨૫ને બુધવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદગતની સાદડી તા. ૨૩/૬/૨૫ને સોમવારના રોજ ૪ થી ૬ કલાકે અમારા નિવાસ સ્થાન મેઘજી પેથરાજ છાત્રાલય પાસે હાથસણી રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

કરણસિંહ અરજણસિંહ પરમાર તે વિજયસિંહ કરણસિંહ પરમાર, વિક્રમસિંહ કરણસિંહ પરમારના પિતાનું તા.૧૯/૬/૨૫ ને ગુરુવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૩/૬/૨૫ ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે ગાંધી ચોક બુદ્ધેશ્વર મહાદેવ વાળો ખાંચો "રાજ ચામુંડા" સાવરકુંડલા ખાતે રાખેલ છે.

# અમરેલીના ટીંબા ગામ પાસેથી કતલખાને લઈ જવાતી ૮ ભેંસ બચાવાઈ

અમરેલી, તા.૨૨

અમરેલીના ટીંબા ગામ પાસેથી કતલખાને લઈ જવાતા ૮ અબોલ જીવને બચાવવામાં આવ્યા હતા. યાસીરભાઈ હબીબભાઈ કાલવા (ઉ.વ.૨૮) ટ્રક નંબર જીજે-૧૪-ઝેડ-૩૪૫૫માં કોઈપણ પ્રકારના ઘાસચારા અને પાણીની સગવડતા વગર ખીચોખીચ રીતે બાંધી ૮ ભેંસોને લઈ જતાં ઝડપાયા હતા. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.જે. ગોંડલીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરાના લાલકા ગામે મહિલા પાસેથી ૧૦ લીટર દેશી દારૂ મળ્યો

બાબરા, તા.૨૨

અમરેલી જિલ્લામાં ૧૩ શખ્સો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો. બાબરાના લાલકા ગામે મહિલા પાસેથી ૧૦ લીટર દેશી દારૂ મળ્યો હતો. આ સિવાય જિલ્લામાં ૧૨ લોકો પાસેથી ૩૫ લીટર દેશી દારૂ ઝડપાયો હતો. જિલ્લામાં વિવિધ સ્થળેથી સાત ઈસમો કેફી પીણું પીને ફરતી હાલતમાં મળી આવ્યા હતા.


અમરેલીના અતિ વિકસિત એવા ૪-લેન લીલીયા રોડ ઉપર
ફક્ત ૩૫ મકાનની પેક સોસાયટી
3BHK બંગલો
સેમ્પલ હાઉસ તૈયાર છે.



રાધેશ્યામ નગરી
સિમંધર સોસાયટીની બાજુમાં, લીલીયા રોડ, અમરેલી
રૂા.૧,૮૦,૦૦૦/- ની સબસીડી મળવાપાત્ર
ઉપલબ્ધ સુવિધાઓ
● પાણી, સ્ટ્રીટલાઈટ, ડ્રેનેજ તથા ૨૫-ફુટનો ઈન્ટરનલ રોડની ઉતમ સુવિધા સાથે ● સ્ટાન્ડર્ડ કંપનીના પાઈપ ફીટીંગ તથા મોડયુલર સ્વીચ બોર્ડ અને ઈલેક્ટ્રીક વાયરીંગ ● ટાઈટલ કલીયર અને લોનેબલ ● SBI અને બેંક ઓફ બરોડાની લોન મળવાપાત્ર
સંપર્ક: મો. ૭૦૧૬૨ ૩૦૦૨૧, ૯૭૨૩૦ ૭૪૦૮૯

નિત્યા સ્કીન ક્લિનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# દામનગરમાં રહીશોની ૧૦ વર્ષ જુની સમસ્યાના કાયમી નિકાલ માટે ધારાસભ્ય જનક તળાવીયાનો તંત્રને આદેશ

દામનગર, તા.૨૨

દામનગર શહેરની તીર્થ રેસિડેન્સી અને જે.ડી. પાર્ક સોસાયટીના રહીશો છેલ્લા દસ વર્ષથી વાડીના પાણીના નિકાલ અને કાચા રસ્તાઓની સમસ્યાનો સામનો કરી રહ્યા હતા. ચોમાસા દરમિયાન વાડીનું પાણી સોસાયટીમાં આવી જવાથી રસ્તા ધોવાઈ જતા હતા, જેના કારણે રહીશોને ભારે હાલાકી



ભોગવવી પડતી હતી. રવિવારે આ સ્થાનિક રહીશોએ પોતાની ગંભીર સમસ્યા અંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાનો ફોન પર સંપર્ક કર્યો હતો. રહીશોની રજૂઆત સાંભળીને ધારાસભ્યએ તાત્કાલિક પગલાં ભરવાનું નક્કી કર્યું. બપોરના બે વાગ્યે તેમણે દામનગર નગરપાલિકાની મુલાકાત લીધી. આ મુલાકાત દરમિયાન, તેમણે અસરગ્રસ્ત સોસાયટીઓના રહીશોને, જમીનના માલિકોને, લાઠી મામલતદાર, દામનગરના તલાટી મંત્રી, નગરપાલિકા પ્રમુખ અને શહેર ભાજપની ટીમને સાથે રાખીને સમસ્યાવાળા સ્થળનું નિરીક્ષણ કરીને વિગતવાર ચર્ચા કરી હતી.

# અમરેલી યુવા ભાજપના મહામંત્રીની તાલાલા-સુત્રાપાડાના પ્રવક્તા તરીકે નિમણૂંક

**જગદીશભાઈ નાકરાણીએ ગામે ગામ સભાઓ યોજી**

બાબરા,તા.૨૨

અમરેલી જિલ્લા યુવા ભાજપના મહામંત્રી અને બાબરા તાલુકાના જામ બરવાળાના સરપંચ જગદીશભાઈ પ્રેમજીભાઈ નાકરાણીની પ્રદેશ ભાજપ દ્વારા ભારતીય જનતા પાર્ટીના ગીર સોમનાથના તાલાળા-સુત્રાપાડા શહેર અને તાલુકાના પ્રવક્તા તરીકે નિમણૂક કરવામાં આવી છે. 'સંકલ્પથી સિદ્ધિ સુધી' મોદી સરકારના ૧૧ વર્ષ પૂર્ણ થતાં, ગુજરાતના દરેક જિલ્લા, શહેર અને તાલુકામાં પ્રવક્તાઓની નિમણૂક કરાઈ છે. 'વિકસિત ભારત સંકલ્પ સભાઓ' યોજી,



લોકોને સરકારની ૧૧ વર્ષની કામગીરી વિશે માહિતી આપી, લોકો સુધી પહોંચાડવાનો આશય હતો. પ્રવક્તા જગદીશભાઈ નાકરાણી દ્વારા સુત્રાપાડા, પ્રાંચી, તાલાળા સહિતના સ્થળોએ સભાઓ યોજાઈ હતી. જેમાં ધારાસભ્ય ભગાભાઈ બારડ, પૂર્વ ધારાસભ્ય જશાભાઈ બારડ સહિત ભાજપના આગેવાનો, હોદેદારો, કાર્યકરો અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# મોટા માણસા ગામે ઘર આગળ બાઈક ઉભું નહીં રાખવાનું કહેતા ઝાપટ મારી

**પેટના ભાગે મૂંઢમાર મારતા પોલીસ ફરિયાદ નોંધાઈ**

જાફરાબાદ, તા.૨૨

જાફરાબાદના મોટા માણસા ગામે ઘર આગળ મોટરસાયકલ ઉભું નહીં રાખવાનું કહેતા ઝાપટ મારી હતી. બનાવ અંગે ગાંગાભાઈ બીજલભાઈ જોગદીયા (ઉ.વ.૪૯) એ મનીષભાઈ વાલાભાઈ જોગદીયા તથા વાલીબેન સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે મનીષભાઈને તેમના ઘર આગળ મોટરસાયકલ ઉભું નહીં રાખવાનું કહેતા સારું નહોતું લાગ્યું અને ગાળો આપી ઝાપટ મારી હતી. તેમજ પેટના ભાગે પાટુ મારી પછાડી દઈ મુંઢ ઈજા કરી હતી. નાગેશ્રી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.બી. શિયાળ વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીના ગોવિંદપુર અમૃત સરોવર ખાતે યોગ દિનની ઉજવણી કરવામાં આવી

**૧૦૯ શિબિરાર્થીઓ અને ગ્રામજનોએ ઉત્સાહભેર ભાગ લીધો**

અમરેલી,તા.૨૨

૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની 'એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ' થીમ સાથે સમગ્ર જિલ્લામાં ઉજવણી સંપન્ન થઈ હતી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ



મોદીના આહ્વાનના પગલે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત સમગ્ર દેશમાં 'અમૃત સરોવર'નું નિર્માણ કરવામાં આવ્યું હતું. આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરુપે અમરેલી જિલ્લાના ધારી તાલુકામાં ગોવિંદપુર સ્થિત અમૃત સરોવર ખાતે યોગ શિબિર યોજાઈ હતી. આ કાર્યક્રમમાં યોગ પ્રશિક્ષકો દ્વારા અમૃત સરોવર ખાતે ૧૦૯ શિબિરાર્થીઓએ યોગ અભ્યાસ કર્યો હતો. આ કાર્યક્રમમાં ગ્રામજનોએ ઉત્સાહભેર ભાગ લઈ અને નિત્યજીવનમાં યોગનું મહત્ત્વ જાણ્યું હતું.

# સાવરકુંડલામાં ઘર બહાર પાર્ક કરેલ બાઈકની ઉઠાંતરી

**બાઈક માલિકે અજાણ્યા ઈસમ સામે ટાઉન પોલીસમાં ફરિયાદ નોંધાવી**

સાવરકુંડલા, તા.૨૨

સાવરકુંડલામાં ઘર બહાર પાર્ક કરેલ બાઈકની ઉઠાંતરી થઈ હતી. બનાવ સંદર્ભે દલસુખભાઈ રવજીભાઈ સોજીત્રા (ઉ.વ.૬૫)એ જાહેર કર્યા મુજબ, તેમણે મહુવા રોડ પર મહિન્દ્રા શો રૂમની પાછળ સોજીત્રા ફાર્મે તેમના ઘર બહાર બાઈક પાર્ક કર્યું હતું. રૂપિયા ૩૦,૦૦૦ની કિંમતના બાઈકની અજાણ્યા ઈસમો ઉઠાંતરી કરી ફરાર થઈ ગયા હતા.

સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી.વી. ખુમાણ વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાની પે સેન્ટર શાળા નં. ૧ માં શાળા વ્યવસ્થાપન સમિતિની પુનઃરચના માટે બેઠક

સાવરકુંડલા, તા.૨૨

સાવરકુંડલાની પે સેન્ટર શાળા નંબર - ૧ ખાતે શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) ની પુનઃરચના માટે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષણના અધિકાર અધિનિયમ ૨૦૦૯ અંતર્ગત ૦૨-૧૧-૨૦૧૦ના ઠરાવથી SMCની સ્થાપના કરવાનો નિર્ણય લેવાયો હતો અને ૨૨-૦૩ના શિક્ષણ વિભાગના પરિપત્રથી તેનો અમલ શરૂ થયો હતો, જેનો મુખ્ય હેતુ સ્થાનિક



કક્ષાએ શાળાનું શિક્ષણ કાર્ય સુચારુ રીતે થાય તે સુનિશ્ચિત કરવાનો છે. શાળાની જૂની SMCની બે વર્ષની મુદત પૂર્ણ થતાં આ પુનઃરચનાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય ભૂમિકાબેન મહેતા, શિક્ષકગણો દ્વારા વાલીઓને શાળા વ્યવસ્થાપન સમિતિની કામગીરી વિશે ઊંડાણપૂર્વક સમજૂતી આપવામાં આવી હતી.

# અમરેલીના ઈશ્વરીયા ગામના ખેડૂતના નામે ફોરવ્હીલ ટ્રાન્સફર નહી કરી આપીને ૫.૫૦ લાખની છેતરપિંડી કરી

**વાહનની લોન ચાલુ હોવાનું છુપાવ્યું**

અમરેલી, તા. ૨૨

અમરેલીના ઈશ્વરીયા ગામના ખેડૂતને ફોરવ્હીલની લોન ચાલુ હોવાનું છુપાવીને ૫.૫૦ લાખની ગાડી વેચવામાં આવી હતી. ગાડી ટ્રાન્સફર નહીં કરી આપી છેતરપિંડી આચરવામાં આવી હતી. બનાવ અંગે જયકાંતભાઈ પ્રાગજીભાઈ પટેલ (ઉ.વ.૬૮)એ અમરેલીમાં રહેતા નિકુંજભાઈ વિનોદરાય ત્રિવેદી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેની પાસે રહેલી ફોરવ્હીલમાં લોન ચાલુ હોવા છતાં આ બાબત છુપાવીને રૂ.૬,૦૦,૦૦૦માં વેચાણ કરી હતી. વેચાણ કરાર કરી શરતોનું પાલન કર્યું નહોતું. તેમને છેતરી તેમની પાસેથી ૫,૫૦,૦૦૦ની છેતરપિંડી કરવામાં આવી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.એન. જાદવ વધુ તપાસ કરી રહ્યા છે.

# વડીયાની સુરગવાળા હાઈસ્કૂલ ખાતે વિશ્વ યોગ દિનની ઉજવણી

વડીયા,તા.૨૨

વડીયાની શ્રી સુરગવાળા સાર્વજનિક હાયર સેકન્ડરી સ્કૂલમાં વિશ્વ યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારે હાઈસ્કૂલના પટાંગણમાં પ્રોજેક્ટર દ્વારા લાઈવ પ્રસારણ રૂપે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સંબોધન અને ત્યાર બાદ યોગા ટ્રેનર તેજલબેનના માર્ગદર્શન નીચે યોગ કરવામાં



આવ્યા હતા. આ કાર્યક્રમમાં વડીયાના ઈન્ચાર્જ મામલતદાર ક્રેઝર, ઈન્ચાર્જ ટીડીઓ દાફડા, પ્રિન્સિપાલ પાદરીયા સહિત તમામ વિભાગના કર્મચારીઓ, ગ્રામજનો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: તેરસ
તા. ૨૩-૦૬-૨૦૨૫, સોમવાર, સૂર્યોદય-૦૫:૨૪, સૂર્યાસ્ત-૦૭:૨૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: કૃતિકા

## દૈનિક રાશિફળ

**તા.૨૩-૦૬-૨૦૨૫ સોમવાર**

મેષ: કાર્યક્ષેત્રમાં તમારા કામની પ્રસંશા થશે, પરંતુ સાથો સાથ તમારા દુશ્મન નિંદા પણ કરશે. આવામાં તમારે જરાય પરેશાન થવાની જરૂર નથી.

વૃષભ: ઘરના સભ્યો કે સંતાન વ્યવહારથી તમે દુઃખી રહેશો. પત્ની કે પ્રેમિકા પણ આવા પ્રકારના વ્યવહારથી તમને વ્યથિત કરી શકે છે.

મિથુન: આજે નોકરી કે વેપાર-ધંધામાં આકરી સ્પર્ધાનો સામનો કરવો પડી શકે છે. આ સિવાય બની શકે છે કે કોઈ કામ શરૂ કરવામાં વધુ સમય લેવો પડે.

કર્ક: આજે તમને વ્યવસાયમાં તમારા ઉચ્ચ અધિકારીઓનો સહયોગ મળશે. નોકરીમાં બની શકે છે કે આજે કોઈ કારણથી તમારે વિવાદ થઈ જાય.

સિંહ: છેલ્લાં કેટલાંક દિવસોથી તમે નાના-મોટા કામ બગડી જવાથી આશ્ચર્યમાં છો. બની શકે છે કે આજે તમારા આ કામમાં સુધારો આવી શકે.

કન્યા: આજનો દિવસ તમારો સારો પસાર થશે. જો શિક્ષણ ક્ષેત્રે આગળ વધવા માટે પ્રયાસ કરતા હો તો આજનો દિવસ તમારા માટે શુભ સાબિત થઈ શકે છે.

તુલા: હાલનો સમય કાર્યક્ષેત્રમાં અવરજવરનો અને નિયમબદ્ધ કામ પૂરો કરવાનો ચાલી રહ્યો છે. આ દરમિયાન નજીકના લોકો ચિંતામાં વધારો કરી શકે છે.

વૃશ્ચિક: જો તમે તમારા વ્યવસાય કે વેપાર સંબંધિત કોઈ કરાર કે લખાણનું કામકાજ કરવા માંગતા હો તો તેને બે જ દિવસમાં પુરૂ કરી લેજો.

ધન: આજે સવારથી જ પ્રતિકુળ દિવસ તમારા માટે રહેશે. આ સિવાય કાર્યક્ષેત્રમાં પણ તમારા પક્ષમાં કોઈ પરિવર્તન આવી શકે છે.

મકર: આજે આરોગ્યની કાળજી લેજો. દિવસના પહેલા ભાગમાં વધુ પડતા કામ આવી પડશે. બની શકે ત્યાં સુધી મહત્વના કામો પહેલા પૂરા કરી લેવા.

કુંભ: આજનો દિવસ તમારા માટે એવરેજ રહેશે. વેપારમાં સ્થિતિ સુધરતી નજરે પડશે. કોઈ મોટા અધિકારીના સહયોગથી નોકરીમાં તમારી મજબૂતી વધશે.

મીન: આજે આવક કરતા ખર્ચ વધુ થશે. ધ્યાન રાખજો કે, સારો મૂડ હોવાના કારણે એવું ન બને કે બીજાની મદદ કરવામાં તમે સારા નરસાનું ભાન ભૂલી જાવ.

# બગસરાના બાળ કેળવણી મંદિરમાં શાળા પ્રવેશોત્સવ: ૬૫ બાળકોનું શાસ્ત્રોક્ત વિધિથી સ્વાગત

બગસરા, તા.૨૨

બગસરા સ્થિત બાળ કેળવણી મંદિર સંચાલિત શીશુકુંજ વિદ્યા મંદિર અને બાળમંદિર ખાતે આજે શાળા પ્રવેશોત્સવનો ભવ્ય કાર્યક્રમ યોજાઈ ગયો. છેલ્લા ૯૪ વર્ષથી બાળ શિક્ષણ ક્ષેત્રે કાર્યરત આ સંસ્થામાં ધોરણ ૧ માં ૩૦ બાળકો અને બાળમંદિરમાં ૩૫ બાળકોને શાસ્ત્રોક્ત વિધિથી,



તસવીર : હાર્દિક બામટા

વાજતે-ગાજતે અને આનંદ-કિલ્લોલ સાથે પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ શુભ પ્રસંગે અજર અમરની જગ્યાના મહંત બ્રહ્મચારી બાપુએ આશીર્વચન પાઠવ્યા હતા. કાર્યક્રમમાં શહેરના અગ્રણીઓ જેવા કે મહેશભાઈ વ્યાસ, નીરૂબેન વૈષ્ણવ, શોભનાબેન શેખ, શરદભાઈ ત્રિવેદી, અશોકભાઈ મણવર તેમજ વાલીગણ, સંસ્થા પરિવાર અને મહિલા મંડળની બહેનો ઉપસ્થિત રહી હતી. આ પ્રવેશોત્સવનું એક વિશેષ આકર્ષણ એ રહ્યું કે, દરેક બાળકને એક-એક વૃક્ષનો રોપ ભેટ આપવામાં આવ્યો હતો.

# લીલીયામાં મિત્ર સાથે મજાક કરતાં યુવકને ગાળો આપી ધોલધપાટ કરી

લીલીયા, તા.૨૨

લીલીયા મોટામાં રહેતા શાંતિભાઈ પરશોત્તમભાઈ બગડાએ પીપળવા ગામે રહેતા પરેશભાઈ પાડા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તા.૨૦/૦૬/૨૦૨૫ ના રોજ તેઓ તથા સાહેદો લીલીયા મોટા બસ સ્ટેન્ડ પાસે મજાક-મસ્તી કરતા હતા. તે વખતે આરોપીએ તેમની સાથે વગર વાંકે બોલાચાલી કરી ગાલ ઉપર ધોલધપાટ કરી હતી. થોડીવાર પછી ફરીવાર લીલીયા હિરાબજારમાં આરોપીએ તેમનું મોટરસાઈકલ આંતરી ઉભું રખાવી બોલાચાલી કરી લાકડી વડે શરીરે જેમ ફાવે તેમ મુંઢમાર માર્યો હતો. તેમજ ગળાના ભાગે નખથી ઉજરડા કરી ઢીકાપાટુથી મુંઢમાર મારી ઈજા પહોંચાડીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી એસસી એસટી સેલના નાયબ પોલીસ અધિકારી એન.બી. ગોરડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલા તાલુકા પેન્શનર મંડળના પ્રમુખ તરીકે મેરૂભાઈ મકવાણાની બિનહરીફ વરણી

રાજુલા, તા.૨૨

રાજુલા તાલુકાના સરકારી નિવૃત્ત કર્મચારીઓ કે જેઓ પેન્શન મેળવે છે તેમની સંખ્યા ૬૦૦ થી વધુ છે. આ પેન્શનર ભાઈ-બહેનોને પોતાના પ્રશ્નો કે કામ માટે તાલુકા કે જિલ્લા મથકે ન જવું પડે તે માટે રાજુલા તાલુકા પેન્શનર મંડળની બેઠક રાજુલા ગાયત્રી શક્તિપીઠ હોલમાં યોજાઈ હતી. આ બેઠકમાં મોટી સંખ્યામાં પેન્શનરો હાજર રહ્યા હતા. આ બેઠકમાં સર્વસંમતિથી સક્રિય



તસવીર : ગોપાલ રાઠોડ

કાર્યકર્તા મેરૂભાઈ મકવાણાને પ્રમુખ તરીકે બિનહરીફ ચૂંટવામાં આવ્યા હતા. મેરૂભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે આગામી બેઠકમાં ઉપપ્રમુખ, મહામંત્રી, મંત્રી, ખજાનચી તેમજ કારોબારીની રચના કરવામાં આવશે. આ મંડળ પેન્શનરોને યોગ્ય સહકાર આપીને તેમના પ્રશ્નોનું નિરાકરણ લાવશે.

# ખાંભા ધાતરડી નદીના પુલથી આગળ કારચાલકે ઈંગોરાળાના દંપતીને ઉલાળ્યું

**પાટલા સાસુના ખબરઅંતર પૂછવા ગયા હતા**

ખાંભા, તા. ૨૨

અમરેલી જિલ્લામાં અકસ્માતનો સિલસિલો યથાવત રહ્યો હતો. ખાંભા ધાતરડી નદીના પુલથી આગળ કારચાલકે ઈંગોરાળાના દંપતીને ઉલાળ્યું હતું. પાટલા સાસુના ખબરઅંતર પૂછવા જતી વખતે બનેલા બનાવને લઈ ઈંગોરાળા ગામના ભરતભાઈ નકાભાઈ સોલંકી (ઉ.વ.૪૫) એ ફોરવ્હીલ નંબર જીજે-૦૩-એનકે-૭૫૮૫ના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા તેના પત્ની બાઈક લઈને ખાંભા ગામે તેના પાટલા સાસુના ખબરઅંતર પૂછવા ગયા હતા અને સાંજના સાડા સાતેક વાગ્યે પોતાના ગામ ઈંગોરાળા પાછા જતા હતા ત્યારે ખાંભા ધાતરડી નદીના પુલથી આગળ બાપા સીતારામના ઓટા પાસે પહોચતા GJ-૦૩-NK-૭૫૮૫ વાળી ફોરવ્હીલ ચાલકે પુરઝડપે અને બેફીકરાઈથી માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવી ટક્કર મારી હતી. જેમાં તેમને ગંભીર ઈજા પહોંચી હતી.

અકસ્માત સર્જી ચાલક ફરાર થઈ ગયો હતો. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. પી. ઘાંઘળ વધુ તપાસ કરી રહ્યા છે.

## તંત્રી લેખ

# સ્વર્ગથી સુંદર માનસરોવર યાત્રાનો પ્રારંભ

ધરતી પર જો કોઈ સ્વર્ગ હોય તો તે માનસરોવર અને કૈલાસ શિખર છે જ્યાં ભગવાન શિવનો નિવાસ છે. માઉન્ટ એવરેસ્ટ પર સૌ કોઈ આરોહણ કરે છે પરંતુ કૈલાસ શિખર પર હજુ સુધી કોઈ જઈ શકતું નથી. શિખર આજે પણ અજેય છે. તેના દૂરથી દર્શન કરવા એ પણ સૌભાગ્યની વાત છે.

કૈલાસ માનસરોવરની યાત્રા ભારતીય ધાર્મિક અને આધ્યાત્મિક યાત્રાઓમાં સૌથી મહત્વપૂર્ણ અને મુશ્કેલ મનાય છે. ચીનના તિબેટ સ્વાયત્ત ક્ષેત્રમાં આવેલ આ પવિત્ર સ્થળ હિન્દુ, બૌદ્ધ, જૈન અને બૌદ્ધ ધર્મના લોકો માટે એક સમાન આસ્થાનું કેન્દ્ર છે. ભગવાન શિવ અને માતા પાર્વતીના નિવાસ તરીકે ગણવામાં આવતા કૈલાસ પર્વત અને માનસરોવર સરોવરની યાત્રા કરવી દરેક શ્રદ્ધાળુનું સપનું છે.

આ યાત્રા માત્ર ધાર્મિક જ નહીં, પરંતુ પ્રાકૃતિક સુંદરતા અને શારીરિક સહનશક્તિની પરીક્ષા પણ છે. યાત્રાળુઓને ઊંચાઈ, ઓક્સિજનનો અભાવ અને અતિ ઠંડી જેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આ યાત્રા ઉત્તરાખંડ, સિક્કિમ અથવા તિબેટ થકી થાય છે અને ભારતીય સરકાર તથા ITBP દ્વારા સુરક્ષા પૂરી પાડવામાં આવે છે. મુસાફરી લગભગ ૨૫ દિવસ સુધી લંબાય છે અને ખર્ચ ૧.૫ થી ૩ લાખ રૂપિયા થઈ શકે છે.

આ યાત્રાની શરૂઆત દિલ્હીથી થાય છે અને લિપુલેખ પર ભારત-તિબેટ સરહદ પર સમાપ્ત થાય છે. ત્યાંથી ચીનની બસો યાત્રાળુઓને કૈલાસ માનસરોવર લઈ જાય છે. યાત્રા માટે પાસપોર્ટ, ફિટનેસ સર્ટિફિકેટ અને ચીનના વિઝા જરૂરી છે.

કૈલાસ માનસરોવરની યાત્રા એ શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સફર છે. જે યાત્રાળુ આ સ્થળનું દર્શન કરે છે, તે જીવનભરની શાંતિ અને સંતોષનો અનુભવ કરે છે. આ યાત્રા માત્ર એક મુસાફરી નથી, પણ એક અનન્ય અને અવિસ્મરણીય દૈવી અનુભવ છે. પાંચ વર્ષની લાંબી પ્રતિક્ષા બાદ કૈલાસ માનસરોવર યાત્રા એક વાર ફરી સિક્કિમના નાથુલા પાસથી શરૂ થઇ ચૂકી છે. શુક્રવારે પહેલા યાત્રીઓ રવાના થઈ ચૂક્યા છે. આ જૂથને પૂર્વ સિક્કિમની ભારત-ચીન સીમા બિંદુ નાથુલાથી રવાના કરાયું. દરિયા કિનારેથી ૧૪,૦૦૦ ફૂટની ઊંચાઇ પર સ્થિત આ માર્ગેથી યાત્રાની શરૂઆત થવાથી દેશભરના શ્રદ્ધાળુઓમાં ઉત્સાહ છે. એક મુસાફરે કહ્યું કે 'અમે કોઈ અપેક્ષાથી નથી જઈ રહ્યા, આ અમારી આધ્યાત્મિક મુક્તિની યાત્રા છે. આ સપનું હવે પૂરું થઈ રહ્યું છે. યાત્રામાં ૧૧ દિવસ તિબેટમાં વિતાવવાના છે. એક અન્ય યાત્રી અનુસાર તેઓ ગત ૧૧ જૂનથી દિલ્હીથી રવાના થયા હતા. ૧૫ જૂને ગંગટોક પહોંચ્યા હતા. હવે તિબેટ તરફ આગળ વધી રહ્યા છે. આ યાત્રા શારીરિકથી વધુ આધ્યાત્મિક તૈયારીની માંગ કરે છે. આઈટીબીપી અને સિક્કિમ સરકારે તેમાં મદદ કરી છે. વર્ષ ૨૦૧૯માં કોવિડને કારણે આ યાત્રા બંધ કરવામાં આવી હતી. હવે તે ફરીથી શરૂ થવી એ હજારો શ્રદ્ધાળુઓ માટે 'આધ્યાત્મિક પુનર્મિલન'નું પ્રતીક છે. નાથુલા માર્ગને ઉત્તરાખંડના લિપુલેખ માર્ગની તુલનામાં નાનો અને સરળ મનાય છે. ખાસ કરીને વૃદ્ધો માટે આ પ્રવાસ ઓછો મુશ્કેલ છે. સિનિયર સિટીઝનો પણ આ માર્ગે કૈલાસ માનસરોવર સહેલાઈથી જઈ શકે છે.

કૈલાસ માનસરોવર યાત્રામાં સૌથી મોટી મુશ્કેલી ઊંચાઈએ થતો ઓક્સિજનનો અભાવ (એલ્ટિટ્યુડ સિકનેસ) અને ખૂબ જ ઠંડી, કઠોર પર્યાવરણ છે. આ યાત્રા માટે શારીરિક અને માનસિક રીતે ખૂબ જ સજ્જ હોવું જરૂરી છે, અને હૃદયરોગ, અસ્થમા, ડાયાબિટીસ, બી.પી. જેવી તકલીફો હોય તો ડૉક્ટરની સલાહ વિના જવું જોખમકારક છે. આ ઉપરાંત, કમ્ફર્ટ વિનાની મુસાફરી, લાંબી ચાલવાની જરૂરિયાત અને અનિયમિત આબોહવા પણ મોટી મુશ્કેલીઓ છે. મુસાફરી દરમિયાન, ખાસ કરીને કૈલાસ માનસરોવર જેવી ઊંચાઈ અને કઠોર પર્યાવરણવાળી જગ્યાઓ પર, આરોગ્ય સંબંધી અનેક પ્રકારના પડકાર આવી શકે છે. જેમાં

સૌથી મોટી તાપમાનની અસર થાય છે. ખૂબ જ ઠંડી અથવા અનિયમિત આબોહવાની સ્થિતિમાં રહેવાથી શરીરમાં ઠંડક (હાઈપોથર્મિયા) થઈ શકે છે. શારીરિક થાક, લાંબા અંતર સુધી ચાલવાની જરૂરિયાત અને ઓછો આરામ થાક અને સ્નાયુઓમાં દુ:ખાવો પેદા કરી શકે છે.

# સંભાવના

**નમસ્કાર મિત્રો,**

સંભાવનામાં આજે આપણે કેલેન્ડર પરના પ્રશ્નો તેમજ મૂળાક્ષર પરના પ્રશ્નોની ચર્ચા કરીશુ. કેલેન્ડર પરના પ્રશ્નો સૌથી વધુ પૂછાયેલા જોવા મળે છે.

કેલેન્ડરના સંદર્ભમાં નીચેની બાબતો યાદ કરીએ....

» જે વર્ષમાં કુલ ૩૬૫ દિવસ હોય તેને સામાન્ય વર્ષ કહેવાય છે. સામાન્ય વર્ષમાં ૫૨ અઠવાડિયા અને ૧ વધારાનો દિવસ છે.

» સામાન્ય વર્ષમાં ફેબ્રુઆરી મહિનામાં ૨૮ દિવસ હોય છે. એટલે કે ૪ અઠવાડિયા હોય છે.

» લીપ વર્ષમાં કુલ ૩૬૬ દિવસ હોય છે. એટલે કે ૫૨ અઠવાડિયા અને ૨ વધારાના દિવસ હોય છે.

» લીપ વર્ષમાં ફેબ્રઆરી મહિનામાં ૨૯ દિવસ હોય છે. એટલે કે ૪ અઠવાડિયા અને ૧ વધારાનો દિવસ હોય છે.

» જે મહિનામાં ૩૧ દિવસ હોય તેમાં ૪ અઠવાડિયા અને ૩ દિવસો વધારાના હોય છે. આથી કોઈપણ ત્રણ વાર પાંચ વખત આવશે.

» જે મહિનામાં ૩૦ દિવસ હોય તેમાં ૪ અઠવાડિયા અને ૨ દિવસ વધારાના હોય છે. આથી કોઈપણ બે વાર પાંચ વખત આવશે.

» જે મહિનામાં ૨૯ દિવસ હોય તેમાં ૪ અઠવાડિયા અને ૧ દિવસ વધારાનો હોય છે. આથી કોઈપણ એક વાર પાંચ વખત આવશે.

» જે મહિનામાં ૨૮ દિવસ હોય તેમાં ૪ અઠવાડિયા પૂરા છે. એટલે કે કોઈપણ વાર પાંચ વખત આવતો નથી.

હવે કેટલાક ઉદાહરણ જોઈએ.

ઉદાહરણ ૧ :- જાન્યુઆરી માસમાં ૫ રવિવાર આવે તેની સંભાવના કેટલી ?

(A) 1/7 (B) 2/7 (C) 3/7 (D) 1

ઉકેલ : જાન્યુઆરી માસના કુલ દિવસો ૩૧ છે. તેથી ૪ અઠવાડિયા + વધારના ૩ દિવસ

હવે, વધારાના ૩ દિવસ માટેના શક્ય પરિણામો આ પ્રમાણે હોઈ શકે.

(સોમ, મંગળ, બુધ), (મંગળ, બુધ, ગુરુ), (બુધ, ગુરુ, શુક્ર ), (ગુરુ, શુક્ર, શનિ), (શુક્ર, શનિ, રવિ), (શનિ, રવિ, સોમ), (રવિ, સોમ, મંગળ)

આમ, શક્ય પરિણામો ૭ છે. અને રવિવાર જેમાં આવતો હોય તેવા પરિણામો ૩ છે.

તેથી ૫ રવિવાર આવે તેની સંભાવના

= અનુકુળ પરિણામો/ કુલ શક્ય પરિણામો

= વધારાના દિવસો/ અઠવાડિયા દિવસો = 3/7

Ans (C):

નોંધ: સમજૂતી માટે આ એક ગણતરી વિસ્તારપૂર્વક આપેલી છે. સંક્ષિપ્તમાં સંભાવનાની ગણતરી ઉદાહરણ ૧ માં આપેલ સૂત્ર પ્રમાણે થઈ શકે.

ઉદાહરણ ૨: સામાન્ય વર્ષમાં ૫૩ રવિવાર હોવાની સંભાવના કેટલી છે?

(A) 1/7 (B) 2/7 (C) 3/7 (D) 4/7

ઉકેલ : સામાન્ય વર્ષમાં કુલ ૩૬૫ દિવસ છે. એટલે કે ૫૨ અઠવાડિયા + ૧ વધારાનો દિવસ.

આ વધારાનો દિવસ ૭ દિવસ પૈકીનો કોઈપણ હોઈ શકે.

તેથી, સંભાવના = વધારાના દિવસ/ અઠવાડિયાના કુલ દિવસ

= 1/7

Ans (A):

ઉદાહરણ ૩: લીપ વર્ષમાં ૫૩ શનિવાર આવવાની સંભાવના કેટલી છે?


(A) 1/7 (B) 2/7 (C) 3/7 (D) 4/7

ઉકેલ : લીપ વર્ષમાં કુલ ૩૬૬ દિવસ હોય છે. એટલે કે ૫૨ અઠવાડિયા + ૨ વધારાના દિવસ

તેથી, સંભાવના = વધારાના દિવસ/ અઠવાડિયાના કુલ દિવસ

= 2/7

Ans (B):



ઉદાહરણ ૪: લીપ વર્ષ સિવાયના વર્ષમાં ૫૩ સોમવાર ન આવે તેની સંભાવના કેટલી ?

(A) 1/7 (B) 2/7 (C) 3/7 (D) 6/7

ઉકેલ : લીપ વર્ષ સિવાયના વર્ષમાં કુલ ૩૬૫ દિવસ હોય છે. એટલે કે ૫૨ અઠવાડિયા + ૧ વધારાનો દિવસ

ઘટના A = સામાન્ય વર્ષમાં ૫૩ સોમવાર આવે તે ઘટના

તેથી P(A) = વધારાના દિવસ/ અઠવાડિયાના કુલ દિવસ

= 1/7

ઘટના A' = સામાન્ય વર્ષમાં ૫૩ સોમવાર ન આવે તે ઘટના

તેથી P(A') = 1 - P(A) = 1 - 1/7 = 6/7

**કારકિર્દી માર્ગદર્શન**
**- અમરેલી ગણિત વર્તુળ**
**સૂર્યકાંત પાઠક**
**મો.નં.૯૪૨૭૫૦૫૧૦૭**

Ans (D):

**દડાની પસંદગીને લગતા પ્રશ્નો**

ઉદાહરણ ૫ : એક પેટીમાં ૫ લાલ, ૪ સફેદ અને ૩ કાળા દડા છે. એ દડો યાદચ્છિક રીતે પસંદ કરવામાં આવે છે. તે દડો સફેદ રંગનો હોય તેની સંભાવના શોધો.

(A) 5/12 (B) 1/3 (C) 1/4 (D) 2/5

ઉકેલ: પેટીમાં કુલ ૫ લાલ + ૪ સફેદ + ૩ કાળા = ૧૨ દડા છે.

પેટીમાંથી એક દડો યાદચ્છિક રીતે પસંદ કરવામાં આવે છે.

તે ૧૨ પૈકીનો કોઈપણ દડો હોઈ શકે.

તેથી શક્ય કુલ પરિણામોની સંખ્યા n = 12 છે.

ધારોકે ઘટના A = પસંદ થયેલો દડો સફેદ રંગનો હોય તે ઘટના

સફેદ દડાની સંખ્યા ૪ છે. તેથી ૪ પૈકીનો કોઈપણ દડો પસંદ થઈ શકે.

તેથી ઘટના A ના ઉદ્ભવ માટેના પરિણામોની કુલ સંખ્યા

r = 4 છે.

તેથી, ઘટના A ની સંભાવના, P(A) = r/n = 4/12 = 1/3

Ans (B):

ઉદાહરણ ૬: એક પેટીમાં ૬ લાલ, ૫ સફેદ અને ૪ કાળા દડા છે. પેટીમાંથી યાદચ્છિક રીતે એક દડો પસંદ કરવામાં આવે છે. પસંદ થયેલો દડો સફેદ કે કાળા રંગનો ન હોય તે ઘટનાની સંભાવના કેટલી થશે ?

(A) 5/12 (B) 1/3 (C) 2/5 (D) 2/3

ઉકેલ : પેટીમાં કુલ ૬ લાલ + ૫ સફેદ + ૪ કાળા = 15 દડા છે. એક દડો યાદચ્છિક રીતે પસંદ કરવામાં આવે છે.

તેથી, શક્ય કુલ પરિણામોની સંખ્યા n = 15

ધારોકે ઘટના A = પસંદ થયેલો દડો સફેદ કે કાળા રંગનો નથી અર્થાત પસંદ થયેલો દડો લાલ રંગનો છે.

લાલ રંગના દડાની સંખ્યા ૬ છે. તેથી r = 6

તેથી P(A) = r/n = 6/15 = 2/5

Ans (C):

ઉદાહરણ ૭: એક પેટીમાં ૮ લાલ, ૬ સફેદ અને ૭ વાદળી રંગના દડા છે. પેટીમાંથી એક દડો યાદચ્છિક રીતે પસંદ કરવામાં આવે છે. તો પસંદ થયેલો દડો લાલ અથવા સફેદ રંગનો છે. તેની સંભાવના કેટલી ?

(A) 1/3 (B) 8/21 (C) 6/21 (D) 2/3

ઉકેલ : પેટીમાં કુલ ૮ લાલ + ૬ સફેદ + ૭ વાદળી = ૨૧ દડા છે.

એક દડો યાદચ્છિક રીતે પસંદ કરવામાં આવે છે.

તેથી શક્ય કુલ પરિણામોની સંખ્યા n = 21

ધારોકે ઘટના A = પસંદ થયેલો દડો લાલ અથવા સફેદ રંગનો હોય તે ઘટના

દડો લાલ પસંદ થાય કે સફેદ પસંદ થાય, તો ઘટના A ઉદ્ભવી શકે.

લાલ દડાની સંખ્યા ૮ અને સફેદ દડાની સંખ્યા ૬ છે. તેથી લાલ દડો પસંદ થાય તેની સંભાવના ૮/૨૧ અને સફેદ દડો પસંદ થાય તેની સંભાવના ૬/૨૧ છે.

અહી બંને સંભાવનાનો સરવાળો થશે.

તેથી P(A) = 8/21 + 6/21 = 14/21 = 2/3

અથવા

લાલ દડાની સંખ્યા + સફેદ દડાની સંખ્યા = 8 + 6 = 14

íkuÚke r = 14 íkuÚke P(A) = 14/21 = 2/3

Ans (D) :

**અંગ્રેજી મૂળાક્ષરને લગતા પ્રશ્નો**

અંગ્રેજી મૂળાક્ષરોના સંદર્ભમાં આપણે જાણીએ છીએ કે......

» કુલ મૂળાક્ષરોની સંખ્યા ૨૬ છે.

જેમાં A, E, I, O, U એમ પાંચ સ્વરો છે.

» સ્વરો સિવાયના ૨૧ મૂળાક્ષરો વ્યંજનો છે.

ઉદાહરણ ૮: અંગ્રેજી મૂળાક્ષરમાંથી એક અક્ષર યાદચ્છિક રીતે પસંદ કરવામાં આવે છે. પસંદ થયેલ મૂળાક્ષર સ્વર હોય તેની સંભાવના કેટલી ?

(A) 2/7 (B) 5/26 (C) 5/21 (D) 3/13

ઉકેલ : કુલ મૂળાક્ષર પસંદ કરવામાં આવે છે. તેથી n= 26

સ્વરની સંખ્યા ૫ છે. તેથી r = 5

તેથી પસંદ થયેલ અક્ષર સ્વર હોય તેની સંભાવના,

P(B) = r/n = 5/26 Ans (B):

# 'સમય' અને 'સમજ' બન્ને એકસાથે ખુશકિસ્મતવાળા લોકોને જ મળે છે !!!






**મનન ચિંતન**
**ભરત બાવીશી**

માણસ બાળક તરીકે જન્મે છે ત્યારે અમુક વર્ષ સુધી નાદાન હોય છે. એટલે કે એને પોતાની વય કક્ષા મુજબની થોડી ઘણી એકદમ સામાન્ય સમજ હોય પરંતુ બીજી કશી લાંબી સમજણ હોતી નથી અને તેની પાસે સમય પુષ્કળ હોય છે. હવે જેમ જેમ ઉંમર વધતી જાય તેમ ધીમે ધીમે સમજણ વધતી જાય છે પણ એની સામે સમય ઘટતો જાય છે. આ માનવ જીવનનો સામાન્ય નિયમ છે જે બધા લોકોને લાગુ પડે છે. બાળપણ પછી યુવાની શરૂ થાય છે એટલે સાહસવૃત્તિ વધે છે, અરમાનોના ઉડતા ઘોડા પર મન સવાર થાય છે. ચડતું લોહી અને સશક્ત શરીર યુવા અવસ્થામાં સખત મહેનત કરવા પ્રેરે છે. સપનાઓ પુરા કરવા સમંદર પારની સફર પણ ખેડે છે. અભ્યાસ હોય કે નોકરી માટેની પરીક્ષાની તૈયારી હોય કે ધંધામાં સેટ થવાની મથામણ હોય એ બાબતમાં કારકિર્દીની સમજણ સાથે આગળ વધનાર માટે સતત અને સખત મહેનત કરવામાં સમય ઓછો પડતો હોય છે. એનાથી વિરૂદ્ધ જેને કારકિર્દીની સમજણ ના હોય તેના માટે ફાલતું રખડપટ્ટી અને એશ-આરામ માટે પુષ્કળ સમય હોય છે. આ બધાની વચ્ચે સમયસર જેનામાં સમજણ આવી જાય તે પુરુષાર્થના બળે અને પ્રારબ્ધના સથવારે સફળ થઈને વ્યવસ્થિત ક્યાંક ને ક્યાંક સેટ થઈ જાય છે અને જીવન સફરમાં એની ગાડી પાટે ચડી જાય છે અને કારકિર્દીના ઉંબરે ઉભેલા કિશોરો કે યુવાનો અને એની અતિશય કાળજી રાખતા અને ચિંતામાં વ્યસ્ત વાલીઓમાં પણ પોતાના પાત્રની પાત્રતા, આવડત, ક્ષમતા કે હેસિયતનો સ્વીકાર કરીને એ મુજબના યોગ્ય ક્ષેત્રમાં આગળ વધવાના બદલે દેખાદેખીમાં મોભાદાર ક્ષેત્રમાં આંધળુકીયા કૂદી પડવાની ઘેલછા કે ગેરસમજણ આગળ જતાં નિષ્ફળતાની નીપજ તરફ લઈ જાય છે અને અંતે ગજા બહારનો ગાંડો ખર્ચ કરવા છતાં નાસીપાસ થવાની નોબત આવે છે. આ બધું જાણવા છતાં ક્યાં કોઈને ગળે વાત ઉતરે છે! માની લો કે જેમ તેમ કરીને ગમતી કે અણગમતી કારકિર્દી કે કેરિયર બનાવ્યા પછી પણ વાત અટકતી નથી. પછીનો તબક્કો તો એનાથી અઘરો શરૂ થાય છે. હવે જીવનસાથીની શોધખોળ શરૂ થાય છે. એમાં પણ પાત્ર પસંદગીમાં પોતાની પાત્રતા કે યોગ્યતા મુજબ સમકક્ષ કે સક્ષમ સાથી સાથેના સગપણમાં સમયસર નિર્ણય લેવાની સમજણ આવી જાય તો સમયસર ઘરસંસાર શરૂ થઈ જાય છે. નહિતર યોગ્યતા હોવા છતાં બધા પ્રકારના ચોક્કસ માપદંડને વળગી રહેવાથી સમય નીકળતો જાય છે અને પસંદગીના સ્કોપ ઘટતા જાય છે. હા બધા માટે એવું બનતું નથી પણ મોટાભાગે અત્યારના સમયમાં સંતાનો અને મા-બાપની અશક્ય અપેક્ષાઓ, કાલ્પનિક સરખામણી, દેખાદેખી, ભૌતિકવાદ, અનુકૂલનનો અભાવ, સયુંકત કુટુંબની અને ગ્રામ્ય જીવનની સુગ અને રોકટોક વગરની એકલવાયી શહેરી જીવનની લાઈફ સ્ટાઈલ વગેરે પ્રકારની ગેરસમજણના કારણે યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવાની સમજણ આવે નહિ તો પાત્રતા હોવા છતાં હાથે કરીને મોડું થાય છે અને પછી પસ્તાવાનો વારો આવે છે. અમુક કિસ્સામાં તો એવું બને છે કે માણસાઈના માપદંડ મુજબ સો ટચના સોના જેવી લાયકાત હોવા છતાં, માત્ર મિલકતના મૂલ્યાંકનમાં મૂલવવાની મનોકામનાને કારણે કેટલાય સંસ્કારી યુવક યુવતીઓના સફળ જોડા બની શકતા નથી. આજના સમયનો સમાજ જીવનનો જટિલ પ્રશ્ન એ છે કે બધું બરાબર હોવા છતાં માત્ર ને માત્ર સંતાનો અને વાલીઓની સમયસર યોગ્ય નિર્ણય લેવાની સમજણના અભાવે આવું બધું બને છે એવું તારણ નીકળે છે. આ બધામાંથી પાર થયા પછી વાસ્તવિક પરિસ્થિતિનો સ્વીકાર કરવાની સમજણ સમયસર ના આવે તો 'ચાર દિન કી ચાંદની' જેવો સંસાર ચાલે છે. જેમ જેમ લગ્નની વર્ષગાંઠ વધતી જાય એની સાથે એકબીજાને સમજવાની સમજણ ના વધે તો સમય જતાં જાતે સમજવાના બદલે સાથીને સમજાવવાની સલાહો વધતી જાય તો દાંપત્ય જીવનની ઉંમર વધે છે પણ આયુષ્ય ઘટતું જાય છે! સાત ફેરા પછી શરૂ થયેલ સુખી દાંપત્ય જીવન એકબીજાની સગવડતાઓ સચવાય ત્યાં સુધી કાલ્પનિક કથાઓ સાંભળીને જનમો-જનમના સાથી બની રહેવાના કોલ આપીને એકબીજાને ખુશ કરવાના આપેલા વચન આગળ વધતા આવતી અગવડતાઓમાં અનુકૂળ થવાની સમજણ ના આવે તો શરૂઆતમાં આપેલા વચન કાળના પેટાળમાં ઘસાઈને ખોટા વાયદા પુરવાર થાય છે. કુટુંબ પરિવારની ખેવના માટેની સમયસર સમજણ ના આવે તો સ્થૂળ સ્વરૂપે રૂડા રૂપાળા સાથે દેખાતા જોડકા પણ અંદરથી અને અંતરથી ચિંતાઓથી ખોખલા બની જતા હોય છે. એકબીજા સાથે કલાકો સુધી વાતો કરે તોય કંટાળો ના આવે એવી સુખદ શરૂઆતનું કોરી પાટી જેવું દાંપત્ય જીવન વર્ષો બાદ એ જ પાટીમાં દોરાયેલ સંસારની અનેક સમસ્યાઓના આડા અવળાં અને ત્રાંસા બાંગા ભરચક લીટાઓ દોરીને, ભૂંસીને એટલા બધા ઘસાઈ જાય છે કે હવે એમાં માત્ર જરૂર પૂરતું અને ખપનું જ લખી શકાય એવી હાલત થાય છે અને પછી લાંબી વાતો તો ઠીક એકબીજાની કામની વાતો પણ કંટાળાજનક લાગવા માંડે છે. છતાં પણ સમજણ વાળા લોકો મન મનાવીને મૌન ધારણ કરીને પોતાના માટે નહિ પણ પરિવારની કે પારકાની ખુશી માટે સંસાર સાગરમાં જીવન નૌકા હંકાવ્યે રાખતા હોય છે. સંસારની સમસ્યાઓથી કંટાળીને ત્યાગી બનવા કરતાં હર હાલમાં કર્મયોગી બની રહેવાની સમજણ સાથે પરમાર્થમાં વ્યસ્ત રહીને પ્રભુ ભજનમાં મસ્ત રહેવાની સમયસર સમજણ આવી જાય તો આરંભ અને અંતમાં કશો ફર્ક નથી. બધુ સારું અને સાચુ જ છે એ જ સમજણ સાથે "તેન ત્યક્તેન ભુજ્જીથા:" તેને ત્યાગભાવથી ભોગવતા રહો. પછી એ સુખ હોય કે દુ:ખ આ સંસારમાં બધું સરખું છે. ફરક છે માત્ર સમયસર સમજણનો!

# ઓફ સિઝનમાં વાવેતર કરી ઉત્પાદન મેળવતો સફળ ખેડૂત






ધીમો...ધીમો વરસજે મેહૂલા કારણ કે મારા ખેડૂતોએ વાવણી માટે કાળજાના ટૂકડા જેમ સજાવીને રાખેલી જમીન વધારે વરસાદથી બગાડી ના નાખતો. ધીરે ધીરે મન મૂકીને મા' રાજ વરસીશ તો ખેડૂતોના હૈયે ટાઢક વળશે. સારા ચોમાસાની સમયસર શરૂઆત થઈ ગઈ છે. વર્ષ સારૂં થશે એવું આંખોમાં સ્વપ્ન લઈને ખેડૂતો કામમાં લાગી ગયા છે.

બળુકી ધરતીના બળુકા સંતાનો ખેતીમાં હંમેશા નવા અખતરાઓ કરતા હોય છે. ખેતી એ ચોપડીનું જ્ઞાન નથી. ફિલ્ડ ઉપર મહેનત પરસેવા સિવાય ખેતી વ્યવસાય શક્ય નથી.

કચ્છ આજે ખેતી અને ઉદ્યોગ ક્ષેત્રે વિશ્વવિખ્યાત બન્યું છે. નર્મદાના નીર આવતા બંજર જમીન આજે કાચુ સોનું ખેત નિપજમાં આપતી થઈ છે. કચ્છ જિલ્લાનાં નખત્રાણા તાલુકાના રામપરા(રોહા) ગામના ૪૬ વર્ષીય યુવા અને પ્રગતિશીલ ખેડૂત ઈશ્વરભાઈ મનજીભાઈ પટેલ. આ યુવાન બી.કોમ. સુધીનો અભ્યાસ ધરાવે છે. પોતાના પરિવાર પાસે ૬૦ એકર જમીન છે. જયારે ૬૦ એકર જમીન લિઝ ઉપર લઈને વાવેતર કરે છે. અન્ય ધંધા-વ્યવસાયમાં જવા કરતા ખેતી કરવી અને ખેતીમાં કંઈક અલગ પ્રયોગ કરીને સફળ બનવાના સપનાએ આજે સફળતા અપાવી છે.

બધા ખેડૂતો વાવેતર કરે એના કરતા કંઈક અલગ અને નવીન પાકનું વાવેતર કરીને સફળતા સાથે ખેતીમાં સારી આવક મેળવવી તે ધ્યેય સાથે આજથી ૮ વર્ષ પહેલા કચ્છમાં દ્રાક્ષનું વાવેતર ૫ એકરમાં કર્યુ. ડિસેમ્બર મહિનામાં ઉત્પાદન વેચાણ માટે તૈયાર થાય તે રીતે ફ્રુટ સેટ કરે છે. તેઓના જણાવ્યા અનુસાર ૩ ટનથી ૯૦ ટન સુધીનું વાર્ષિક ઉત્પાદન આવ્યું છે. સરેરાશ ઉત્પાદન પ્રતિ એકર ૩૦ થી ૪૦ ટન રહે છે અને ફાર્મ બેઠા રૂ.૮૦ થી ૧૦૦ના ભાવે વેચાણ થાય છે.

જયારે ૧૦ એકરમાં પપૈયાનું વાવેતર કરેલ છે. ૧૧થી ૧૨ હજાર પપૈયાના છોડ છે. ઈશ્વરભાઈ જણાવે છે કે ૧ તંદુરસ્ત છોડ ૧૨ થી ૧૫ કિલો ઉત્પાદન આપે. એટલે એક એકરમાં ૧૫થી ૩૦ ટન



**ઝાકળનું એક બિંદુ**
**હિરેન હિરપરા**

ઉત્પાદન મળે. ઓછામાં ઓછું દોઢ લાખ અને વધુમાં ૪ લાખ સુધીનું ઉત્પાદન મળે. અને એકરે ૬૦થી ૭૦ હજાર જેવો તમામ ખર્ચ થાય છે.

હાલમાં ટમેટા, મરચા, શક્કરટેટીનું વાવેતર કરેલ છે. ઈશ્વરભાઈ કહે છે. જયારે કોઈ ના વાવે ત્યારે એ શાકભાજી અને ફ્રુટનું હું વાવેતર કરૂ છું. અને સારૂ ઉત્પાદન તેમજ ભાવ મેળવુ છું. દર ચાર-પાંચ વર્ષ કચ્છની ધરતી ઉપર નવા એક ફ્રુટનું વાવેતર કરૂં છું. અને એ અખતરામાં સફળતા મળે તો વધારે વાવેતર કરૂં છું. તેમજ ઓર્ગેનિક બાગાયતી ખેતીમાં આંબાનું સારુ વાવેતર છે. આમ "મન હોય તો માળવે જવાય" એ સાબિત કર્યું. ઈશ્વરભાઈનો સંપર્ક નં. ૯૮૭૯૬૬૨૬૭૬ છે.

## તિખારો

**જીંદગીમાં એવા વ્યક્તિઓ સાથે સંબંધ બનાવો, જે યોગ્ય સમયે તમારો પડછાયો બને અને યોગ્ય સમયે અરીસો બને કારણ કે અરીસો ખોટું નથી બોલતો અને પડછાયો સાથ નથી છોડતો..**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અઠવાડિક ખેતી કાર્યો



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ ફોન ૯૨૭૫૭૦૮૩૪૨

ચોમાસુ **મગફળી :** બીજને પટ્ટ આપવા માટે પ્રથમ ફૂગનાશક પછી જંતુનાશક અને છેલ્લે જૈવિક દવાનો પટ્ટ આપનો. દરિયાઈ વનસ્પતિ પ્રવાહી ખાતર ૩.૫% નો છંટકાવ વાવણી પછી ૧૫, ૩૦ અને ૪૫ દિવસે કરવો.

**સોયાબીનઃ** આ પાક તત્વોનું વધુ શોષણ કરતો પાક છે. મગફળી કે અન્ય પાક થતા હોય તો તેજ વાવવા જોઈએ.

ઉગસૂકનો રોગ : આ રોગ એસ્પરજીલસ નામની ફૂગથી થતો હોય છે.

**રોગની ઓળખ અને નુકશાન :** રોગને કારણે બીજનું સ્ફુરણ થયા પહેલા સડી જાય. ઉગવાની શકિત ગુમાવે. ચાસમાં ખાલા પડેલ જગ્યાએથી ખોલતાં કાળા ફૂગના બીજાણુંથી છવાયેલ બીજ મળે તેને ઉગાવાનો પ્રથમ સડો કહેવાય. રોગ અંકુર નીકળી ગયા બાદ લાગે તો ફૂગ બીજપત્ર પર દેખાય અને આખો છોડ સુકાઈ જાય. આ રોગ છોડ ૧ થી ૧ ૧/૨ માસનો થાય ત્યાં સુધી દેખાય. થડ પર ચાઠા પડી અને સડી જાય.

### કપાસમાં રાસાયણિક ખાતર ક્યારે, કેટલું અને કેવી રીતે આપવું

| ક્રમ | ખાતરનું નામ | ડીએપી કિ/હે | પોટાશ કિ/હે | એમો.સલ્ફેટ કિ/હે. | યુરીયા કિ/હે | યુરીયા કિ/હે | યુરીયા કિ/હે |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | પાયાનું ખાતર | ૫૫ | ૧૨૫ | - | - | - | - |
| ૨ | પાળા ચડાવતી વખતે | ૫૫ | ૧૨૫ | - | - | - | - |
| ૩ | પ્રથમ હપ્તો - વાવેતર બાદ ત્રીજા અઠવાડિયે | - | - | ૨૭૫ | - | - | - |
| ૪ | બીજો હપ્તો - પ્રથમ હપ્તા બાદ ત્રીજા અઠવાડિયે | - | - | - | ૧૨૦ | - | - |
| ૫ | ત્રીજો હપ્તો - બીજા હપ્તા બાદ ત્રીજા અઠવાડિયે | - | - | - | - | ૧૨૦ | - |
| ૬ | ચોથો હપ્તો - ત્રીજા હપ્તા બાદ ત્રીજા અઠવાડિયે | - | - | - | - | - | ૧૨૦ |
| | કુલ | ૧૧૦ | ૨૫૦ | ૨૭૫ | - | - | ૩૬૦ |

**(ડી.એ.પી. ૧૧૦ કિ/હે, એમ.ઓ.પી ૨૫૦ કિ/હ, એ.એસ.૩૪૪ કિ/હે અને યુરીયા ૩૬૦ કિ/હ)**

**ફળપાકની જાત, રોપણી અને રોપણી બાદની કાળજી**

- ભલામણ મુજબની જ જાત અપનાવી.
- વરસાદ થયેથી ભલામણ મુજબના ખાતરો આપી દેવા.
- મૂળકાંડ ઉપરથી ફૂટેલ નવી કુંપળો દુર કરવી.
- વૃદ્ધિ પામતા કલમ રોપને યોગ્ય આકાર આપવા માટે જરૂરી છાંટણી કરવી.
- દેશી ખાતરની અવેજીમાં લીલો પડવાશ કરી શકાય.
- ફળપાકના વાવેતર માટે ચોમાસાની ઋતુ ઉત્તમ છે. અને સારો વરસાદ થયા બાદ રોપણી કરવી.
- કલમને મજબુત ટેકો આપવો તથા પવન અને ગરમ તાપના રક્ષણ માટે વાડોલીયુ બનાવવું.
- વરસાદ ખેંચાય ત્યારે ૮ થી૧૦ દિવસે પિયત આપવું.
- વરસાદ દરમ્યાન ખામણામાં પાણી ભરાઈ ન રહે તેની કાળજી લેવી.
- છોડ ફરતે સમયાંતરે ગોડ તથા નિંદામણ કરવું.
- પવન અવરોધક વાડની જાળવણી કરવી તેમજ રોગ – જીવાત સામે સમયસર પગલા લેવા.
- ઉપરોક્ત તમામ બાબતોનો રેકર્ડ નિભાવવો.
- દરેક ફળઝાડને સમયસર સેન્દ્રીય અનેરાસાયણિક ખાતરો આપવા જોઈએ. ક્યા ખાતરો કેટલા પ્રમાણમાં આપવા તે ફળપાકની જાત, ઝાડની ઉમર તથા જમીનના પ્રકાર ઉપર આધાર રાખે છે. જે માટે ચોમાસામાં લીલો પડવાશ કરવો સલાહ ભરેલ છે. છાણિયું ખાતર ચોમાસા પહેલા એક જ હપ્તે આપી જમીનમાં ભેળવી દેવું. પુખ્ત વયના ફળપાકોને ૧.૫ મીટરના ઘેરાવામાં ૩૦ સેન્ટીમીટર પહોળી અને૧૫ સેન્ટીમીટર ઊંડી ચર બનાવી ચરમાં ભલામણ મુજબ ખાતરો આપવા. સામાન્ય રીતે લોહ, જસત, મેંગેનીઝ તથા બોરોનની ઉણપવાળા સૌરાષ્ટ્ર વિસ્તારમાં ખાસ કરીને લીંબુ અને જામફળમાં આ ઉણપ વધુ જોવા મળે છે. જે માટે ઝાડ પર વર્ષમાં એકથી બેવાર નવા પાન નીકળતા હોય ત્યારે લોહ એકથી બે ટકા, જસત ૦.૫ ટકા, મેંગેનીઝ ૦.૫ ટકાનો છંટકાવ કરવો હિતાવહ છે. ખાતર અંગેની તમામ બાબતોનો રેકર્ડ નિભાવવો.

કેળ જમીનમાં પૂર્તિનો મિક્ષર ગ્રેડ – V ૨૦ ગ્રામ પ્રતિ છોડ મુજબ આપવું અથવા જમીનમાં ૪૦ ગ્રામ ફેરસ સલ્ફેટ તથા ૨૦ ગ્રામ ઝિંક સલ્ફેટ પ્રતિ છોડ આપવું.



**વરીયાળીઃ** જુલાઈના પ્રથમ અઠવાડિયામાં મગ અથવા ચોળીને ૯૦ સેમીના અંતરે આંતરપાક તરીકે વાવેતર કરી વરીયાળીને ઓગષ્ટના પ્રથમ પખવાડિયામાં ૧:૧ ની હાર વ્યવસ્થામાં ફેરરોપણી કરવાથી વધુ ઉત્પાદન અને ચોખ્ખો નફો મળવાની સાથે જમીનની ફળદ્રુપતા પણ સુધરે છે.

ખેતી પાકોમાં જીવાત (કીટક)થી થતું નુકસાન ખેડૂતોને સહેલાઈથી નજરે પડે છે. જીવાતની વિવિધ અવસ્થાઓ (ઈંડાં, ઈયળ, બચ્ચાં, કોશેટા, પુખ્ત વગેરે) થી થતું નુકસાન, હગાર વગેરે નરી આંખે જોઈ શકાય છે. જ્યારે રોગ થવા માટે જવાબદાર રોગકારક / વ્યાધીજન નરી આંખે દેખાતા નથી. તેને જોવા માટે સુક્ષ્મદર્શક યંત્રની જરૂર પડે છે. પરંતુ વનસ્પતિમાં તેનાથી ઉદ્દભવતા નુકસાનના લક્ષણોને આધારે જે તે રોગની ઓળખ થઈ શકે છે. ચોકકસ પ્રકારના લક્ષણોને આધારે જે તે રોગના ખાસ નામ આપવામાં આવે છે જેમ કે સુકારો, મૂળખાઈ, ગુંદરીયો, આંજીયો, ઝાળનો રોગ વગેરે. મોટા ભાગના કિસ્સામાં વનસ્પતિમાં જોવા મળતા આવા રોગના લક્ષણો લગભગ એકસરખા હોય છે. આવા લક્ષણો અને રોગકારકના જીવનક્રમને ધ્યાનમાં રાખી જે તે રોગના નિયંત્રણ માટે યોગ્ય પાક–સંરક્ષણના પગલાં સૂચવવામાં આવતા હોય છે. ખેતી પાકોમાં જોવા મળતા આવા ખાસ લક્ષણો વિષે ખેડૂતોમાં પ્રાથમિક જાણકારી હોવી જરૂરી છે.

**● પાકમાં આવનાર ફુગનું નિયંત્રણ કરો**

**૧. બ્યુવેરીયા બેસીયાના (સફેદ રોગકારક ફુગ)**

આ ફુગ 'વ્હાઈટ મસ્કાર્ડીયન ફુગ' તરીકે પણ ઓળખાય છે. આ ફુગને પ્રયોગશાળામાં મોટા પાયા પર ઉછેરી શકાય છે અને તેથી વ્યાપારી ધોરણે તેનું ઉત્પાદન થઈ શકે છે. બજારમાં તે બાયોસોફ્ટ, બાયોગાર્ડ, લાર્વેસેલ, બાયોરીન, બાબા – બેઝીના, બાયોકેર, બાયોપાવડર, ડિસ્પેલ, બીયુશક્તિ, ટોકિઝનકિઝન, બેવેરોઝ, દમણ વગેરે જેવા જુદા જુદા વ્યાપારી નામે મળે છે. આ ફુગ પાકને નુકસાન કરતી ચુસિયા પ્રકારની જીવાતો અને ઈયળોનું નિયંત્રણ કરે છે. આ ફુગ પાન વાળનાર ઈયળ, ગાભમારાની ઈયળ, શેરડીના ફુદફુદીયા, મગફળીના સદેફ મુંડા, નાળિયેરીનું ગેંડા કીટક, હિરાફૂદાંની ઈયળ, કપાસની ગુલાબી ઈયળ, તમાકુ અને સૂર્યમુખીના પાન ખાનાર ઈયળ વગેરેનું નિયંત્રણ કરે છે. આ જૈવિક કીટનાશક વેટેબલ પાઉડર અને પ્રવાહી સ્વરૂપે મળે છે. તેમાં પ્રતિ ગ્રામ / મિ.લિ. દીઠ ઓછામાં ઓછા ૨ x ૧૦૮ જેટલા સ્પોર હોવા જરૂરી છે. આ જૈવિક કીટનાશકનો ૪૦ ગ્રામ / મિ.લિ. પ્રતિ ૧૦ લિટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવાથી જીવાતનું નિયંત્રણ મેળવી શકાય છે.

**૨. વર્ટીસીલીયમ લેકાની**

આ ફુગ જીવાતના શરીરમાં ખોરાક સાથે અથવા શરીરના સીધા સંપર્ક દ્વારા પ્રવેશ મેળવી, યજમાનની દેહગૃહામાં બીજાણું તેમજ ઝેરી દ્રવ્યો ઉત્પન્ન કરે છે અને ચારથી પાંચ દિવસમાં જીવાત મૃત્યુ પામે છે. આ ફુગ મુખ્યત્વે મોલો – મશી, સફેદમાખી, થ્રીપ્સ, ચીકટો, ભીંગળાવાળી જીવાત અને અન્ય ચુસીયા પ્રકારની જીવાતોનું નિયંત્રણ કરે છે. આ જૈવિક કીટનાશક વેટેબલ પાઉડર અને પ્રવાહી સ્વરૂપે મળે છે. તેમાં પ્રતિ ગ્રામ / મિ.લિ. દીઠ ઓછામાં ઓછા ૨ x ૧૦૮ જેટલા સ્પોર હોવા જોઈએ. સામાન્ય રીતે આ જૈવિક કીટનાશકનો ૪૦ ગ્રામ / મિ.લિ. ૧૦ લિટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો.

**૩. મેટારીઝીયમ એનીસોપ્લી (લીલી રોગકારક ફુગ)**

- આ ફુગ જીવાતના શરીરમાં પ્રવેશ મેળવી ડીસ્ટ્રકસીન નામનું ઝેર ઉત્પન્ન કરે છે જે ઘણા પ્રકારની જીવાતના નિયંત્રણમાં અગત્યનો ભાગ ભજવે છે. યજમાન શરીર પર લીલા રંગની ફુગનો ઉગાવો જોવા મળે છે અને આ રોગ પામેલ જીવાત અન્ય જીવાતના સંપર્કમાં આવતા તેને પણ રોગ થાય છે. આ જાતિની ફુગને પ્રયોગશાળામાં ઉછેરી શકાય છે અને તેથી વ્યાપારી ધોરણે તેનું ઉત્પાદન થાય છે. બજારમાં તે મેટાસોફ્ટ, બાયોમેટ, બાયોસ્ટોર્મ, બ્રિગેડ – એમ, બાયોમેજીક, મેટાકેર, કાલીચક્ર, બાયોકીંગ વગેરે વ્યાપારી નામે મળે છે. આ પ્રકારની ફુગ મગફળીના પાન ખાનાર ઈયળ, નાળિયેરીના ગેંડા કીટક, ચોખાના બદામી ચુસીયા, શેરડીના વેધકો, હીરાફુદાંની ઈયળ, ચુસીયા પ્રકારની જીવાત વગેરેનું નિયંત્રણ કરે છે. આ જૈવિક કીટનાશક વેટેબલ પાઉડર અને પ્રવાહી સ્વરૂપે મળે છે. તેમાં પ્રતિ ગ્રામ / મિ.લિ. દીઠ ઓછામાં ઓછા ૨ x ૧૦૮ જેટલા સ્પોર હોવા જોઈએ. આ જૈવિક કીટનાશકનો ૪૦ ગ્રામ / મિ.લિ. ૧૦ લિટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો.

● યુરીયા ખાતરની ક્ષમતા વધારવા માટે એક થેલી (૫૦ કિલોગ્રામ) યુરીયામાં સલ્ફરયુકત પાવડર ૧-૨ કિલોગ્રામ કે એરંડીનો ખોળ પાંચ કિલો પટ આપવાથી યુરીયાનો વ્યય અટકાવી શકાય છે. સામાન્ય રીતે યુરીયા ખાતર વાપરવાથી ૩૦ થી ૪૦ ટકા નુકસાન જતુ હોય છે.

● સેન્દ્રિય ખાતર નાખવાથી જમીનની ફળદ્રુપતા તથા રાસાયણિક ખાતરો તથા સુક્ષ્મ જીવાણુ ખાતરોની ક્ષમતામાં વધારો થાય છે, અને છોડને મુખ્ય અને ગૌણ તત્વો ધીમે ધીમે અને લાંબા સમય સુધી મળે છે.

● વિષાણુજન્ય રોગનો ફેલાવો ચૂસિયાં પ્રકારની જીવાતો (સફેદમાખી, મોલો, તડતડીયાં, થ્રિપ્સ)થી થતો હોય જે તે પાકમાં યોગ્ય ભલામણ કરેલ શોષક પ્રકારના કીટનાશક (ડાયમીથોએટ, ફોસ્ફામીડોન, ઈમીડાકલોપ્રીડ, થાયોમેથોકઝામ, કલોથીયાનીડીન, એસીફેટ, એસીટામીપ્રીડ, ફલોનીકામીડ)નો જરૂર મુજબ છંટકાવ કરવો.

**પશુ આહારમાં અઝોલાનું મહત્વ...**

અઝોલા એક અદ્‌ભુત શેવાળ છે.

**ફેરોમેન ટ્રેપ: ઉપયોગ કરવાની રીત અને રાખવાની થતી કાળજીઓ**

- સામાન્ય રીતે જીવાતની હાજરી અને મોજણી માટે ઓછામાં ઓછા પાંચ અને તેમનાં નિયંત્રણ માટે ૨૫ થી ૪૦ ટ્રેપ પ્રતિ હેક્ટરે જરૂર પડતી હોય છે.
- આ ટ્રેપ જે જીવાતના હોય તેના જ નર ફૂદાઓ આકર્ષાય છે.દા.ત. લશ્કરી ઇયળના ટ્રેપ હોય તો તેમાં તેના જ ફૂદા આવે, નહિ કે ગુલાબી ઇયળના ફૂદા.
- એક જ ટ્રેપ ઉપર જૂદી જૂદી જીવાતની લ્યુર (રબ્બરની ટોટી) લગાવવી નહિં. જો જરુર હોય તો અલગ ટ્રેપનો ઉપયોગ કરવો.
- ટ્રેપમાં આવેલ લ્યુર (રબ્બરની ટોટી) એમની વેલીડિટી પ્રમાણે બદલવી.
- ટ્રેપ માં પકડાયેલ ફૂદા અઠવાડિયામાં બે વાર કાઢી નાશ કરતા રહેવું.
- એકલ-દોકલ ખેડૂત ટ્રેપ ગોઠવે તેના કરતા જે વિસ્તાર અને પાક પ્રમાણે સામૂહિક ધોરણે બધાં ખેડૂતો મૂકે તો પરિણામ સારું અને ઝડપી મળે છે.





હાયડ્રોપોનીક ટેકનોલોજીની જેમ ખેડૂતો અઝોલાનો પણ પશુના ખોરાકમાં ઉપયોગ કરી શકે છે.

જેને વન્ડર આલ્ગા તરીકે પણ ઓળખવામાં આવે છે.

અઝોલા ખેતી માટે ખર્ચ ઘણો ઓછો છે.

આ પદ્ધતિ માટે ભેજવાળું અને નિયંત્રિત તાપમાન જરૂરી છે.

આ માટે ગ્રીન હાઉસ અથવા વૃક્ષોના છાયડે પણ થઈ શકે છે.

આપણા વિસ્તારમાં ગરમીનું પ્રમાણ વધારે હોય છે.

આથી અઝોલાની ખેતી ચોમાસા અને શિયાળા દરમ્યાન (વાતાવરણનું તાપમાન ૩૦ ડિગ્રી સે.ગ્રે.થી ઓછુ હોય) કરવાથી ઉત્પાદન સારું મળે છે.

વધુ માહિતી માટે જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢનાં વૈજ્ઞાનિકનો સંપર્ક કરવો.

# મગફળીમાં સફેદ ધૈણ/ડોળથી થતું નુકસાન અને તેનું નિયંત્રણ

ડો. એમ.કે. કાનાણી, ડો. વી.સી. ગઢીયા, ડો. કે.ડી. શાહ અને ડો. પી. જે. ડાવરીયા જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી

સામાન્ય રીતે ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રમાં બાજરી, મગફળી, જુવાર, મકાઈ, મરચી, ડાંગર, શેરડી વગેરે પાકોમાં જયાં રેતાળ કે ગોરાડું જમીન હોય ત્યાં આ જીવાતનો ઉપદ્રવ વધુ પ્રમાણમાં જોવા મળે છે. ધૈણનાં પુખ્ત કીટક બદામી રંગના હોય છે જેને ઢાલિયા કીટક તરીકે પણ ઓળખવામાં આવે છે. આ કીટકની ઈયળ સફેદ રંગની અને બદામી માથાંવાળી હોય છે. સફેદ ધૈણ (ઈયળ) શરૂઆતમાં મગફળીના બારીક મૂળ ખાય છે અને ત્યારબાદ મુખ્યતઃ મૂળને ખાઈને નુકસાન કરે છે. ઈયળ મૂળને ખાઈ જતી હોવાથી છોડ ધીમે ધીમે સૂકાઈને મરવા લાગે છે. એક છોડની ઈયળ ચાસમાં આગળ વધીને બીજા છોડના મૂળ ખાવાનું શરૂ કરે છે. આ રીતે તેનું નુકસાન ચાસમાં વધતું જાય છે. ખેતરમાં મોટા ખાલા પડે છે અને પાકનો આડેધડ નાશ થવા લાગે છે.

● સંકલિત વ્યવસ્થાપનઃ

▶ આ જીવાતની કેટલીક ખાસિયતોને લીધે તેનું નિયંત્રણ કરવાનું ખૂબ જ મુશ્કેલ પડે છે. પરિણામે તેના જીવનની દરેક અવસ્થાએ તેની વસ્તી ઘટાડી શકાય તેવા સામૂહિક ઉપાયોનું સંકલિત આયોજન કરી નિયંત્રણના ઉપાયો લેવા જોઈએ.

▶ આ જીવાતના નિયંત્રણ માટે સૌ પ્રથમ પહેલો સારો વરસાદ થયા પછી સંધ્યા સમયે જમીનમાંથી નીકળીને ખેતરના શેઢા-પાળા પર આવેલા બાવળ, બોરડી, સરગવો, લીમડો વગેરે ઝાડના પાન ખાવા આવતા ઢાલિયાને ઝાડના ડાળા હલાવી નીચે પાડી વીણાવી લઈ કેરોસીનવાળા પાણીમાં નાશ કરવો.

▶ ઉનાળામાં ઉંડી ખેડ કરવાથી સુષુપ્ત અવસ્થામાં રહેલ પુખ્ત (ઢાલીયાં) બહાર આવવાથી સૂર્યતાપથી અથવા પરભક્ષીઓથી તેનો નાશ થશે.

▶ ધૈણના ઢાલિયા રાત્રિના સમયે પ્રકાશ તરફ આકર્ષાતા હોવાથી ઉપદ્રવિત વિસ્તારમાં પ્રકાશ પિંજર ગોઠવી તેમાં આકર્ષાયેલ ઢાલિયા કીટકોનો નાશ કરવો જોઈએ.

▶ આ ઉપરાંત ખેતરની ચારે બાજુ આવેલા બાવળ, બોરડી, સરગવો, લીમડો વગેરે ઝાડના બધા પાન પર સારી રીતે છંટાય તે પ્રમાણે કાર્બારીલ ૫૦ વેપા ૪૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો.

▶ સામૂહિક ઉપાયોની સાથે સાથે વ્યક્તિગત ધોરણે પણ પોતાનો પાક બચાવવા દરેક ખેડૂતે કલોરપાયરીફોસ ૨૦ ઈસી અથવા કિવનાલફોસ ૨૫ ઈસી ૨૫ મિ.લિ. અથવા ઈમીડાકલોપ્રીડ ૪૦% + ફીપ્રોનીલ ૪૦% + કલોથીયાનીડીન ૨.૫૦ ગ્રામ પ્રતિ કિ.ગ્રા. પ્રમાણેની બીજ માવજત વાવતા પહેલા ત્રણ કલાકે આપી છાંયડામાં સૂકવી પછી બીજનો વાવેતર તરીકે ઉપયોગ કરવો.

▶ ફોરેટ ૧૦ S દાણાદાર દવા હેકટરે ૨૫ કિ.ગ્રા. પ્રમાણે વાવેતર પહેલા ચાસમાં આપવી.

▶ એરંડીનો ખોળ હેકટરે ૫૦૦ કિ.ગ્રા. પ્રમાણે વાવેતર પહેલા ચાસમાં આપવાથી ધૈણ સામે રક્ષણ મળે છે.

▶ સફેદ ધૈણના નિયંત્રણ માટે અગાઉથી કોઈપણ જંતુનાશક દવાના ઉપાયો ન લીધા હોય અને તેનો ઉપદ્રવ વધુ પ્રમાણમાં જોવા મળે તો ઉભા પાકમાં કિવનાલફોસ ૨૫ ઈસી અથવા કલોરપાયરીફોસ ૨૦ ઈસી હેકટરે ૪ લિટર અથવા ઈમીડાકલોપ્રીડ ૪૦% + ફીપ્રોનીલ ૪૦% + કલોથીયાનીડીન ૨૫૦ ગ્રામ પ્રમાણે પિયતના પાણી સાથે ટીપે ટીપે આપવી.

▶ જો પિયતની સગવડ ન હોય તો પંપની નોઝલ કાઢી કલોરપાયરીફોસ ૨૦ ઈસી (૧૦ લિટર પાણીમાં ૨૫ મિ.લિ.) દવાનું પ્રવાહી મિશ્રણ મગફળીના મૂળ પાસે પડે અને જમીનમાં ઉતરે તે રીતે રેડવાથી નિયંત્રણ મેળવી શકાય છે અથવા કલોરપાયરીફોસ ૪ લિટર દવા ૫ લિટર પાણીમાં ઓગાળી આ મિશ્રણને ૧૦૦ કિલો રેતીમાં ભેળવી ત્યારબાદ રેતી સુકવી, આ રેતી એક હેક્ટર વિસ્તારમાં છોડના થડ પાસે પૂંખવી ત્યાર બાદ જો વરસાદ ન હોય તો હળવું પિયત આપવું.




ઇંડા



કીડો



પુખ્ત



નુકસાન

# પ્રાકૃતિક કૃષિ અને જમીનમાં સેન્દ્રીય કાર્બનનું મહત્વ

આલેખન : ધર્મેશ વાળા



આપણે વારંવાર એક વાકય જરૂર સાંભળીએ છીએ કે, જમીનની ફળદ્રુપતા સતત ઘટી રહી છે. પ્રાકૃતિક કૃષિમાં સેન્દ્રીય કાર્બનનું શું મહત્વ છે ? જમીનમાં સેન્દ્રીય કાર્બન જમીનનાં સારા સ્વાસ્થ્યનું એક મુખ્ય તત્વ છે અને આબોહવા પરિવર્તન, ખોરાક અને પોષણની અસુરક્ષાઓ અને અન્ય પરાવરણીય ચિંતાઓ સામે લડવા માટેનું એક નવુ શસ્ત્ર છે. પાકની ઉત્પાદકતા અને જમીનની ફળદ્રુપતા વધારવામાં સેન્દ્રીય કાર્બનનું મુખ્ય યોગદાન હોય છે.

સેન્દ્રીય કાર્બન એ કાર્બન છે જે સજીવો દ્વારા ઉત્પાદિત કોઈપણ સામગ્રીના આંશિક વિઘટન પછી જમીનમાં રહે છે. તે જમીનના કાર્બનિક પદાર્થોનો મુખ્ય ઘટક છે. એવી ધારણા છે કે, તે જમીનમાં ઘણા કાર્યો અને ઈકોલોજીકલ ગુણધર્મો માટે નિર્ણાયક ભૂમિકા ભજવે છે. સેન્દ્રીય કાર્બનનું પ્રમાણ સ્થાનિક ઈકોલોજી, આબોહવાની સ્થિતિ, જમીનનો ઉપયોગ અને વ્યવસ્થાપન પર આધાર રાખે છે. ઓર્ગેનિક કાર્બન મુખ્યત્વે ટોચની જમીનમાં વધારે હોય છે. જમીનમાં રહેલા કાર્બનનું પ્રમાણ વાતાવરણમાં રહેલા કાર્બનની માત્રા કરતા બમણું હોય છે.

તમામ છોડ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા અને વૃદ્ધિ પામવા માટે તેમના પર્ણ મારફત સૂર્યપ્રકાશ અને વાતાવરણમાંથી કાર્બન ડાયોકસાઈડ લઈને પોતાના માટે ખોરાક (સ્ટાર્ચ) ઉત્પન્ન કરે છે. જમીનમાં રહેલ સેન્દ્રીય કાર્બન ટકાઉ ખેતીનો આધાર છે. જમીનમાં ફળદ્રુપતા જાળવવામાં સેન્દ્રીય કાર્બનની મુખ્ય ભૂમિકા છે. સેન્દ્રીય કાર્બન જમીનમાં વાયુ, પાણીની જાળવણીની ક્ષમતા, ડ્રેનેજ અને સુક્ષ્મ જીવાણુઓની વૃદ્ધિમાં સુધારો કરે છે. જેમ જેમ જમીનમાં સંગ્રહિત કાર્બન વધે છે તેમ તેમ લીચિંગ અને ધોવાણ દ્વારા પોષક તત્વોના નુકસાનનું જોખમ ઘટે છે. જયારે જમીનમાં કાર્બનનું પ્રમાણ વધે છે ત્યારે તે વાતાવરણમાં રહેલ કાર્બન ડાયોકસાઈડનું પ્રમાણ ઘટાડે છે. જે છોડના વિકાસ માટે વધુ સારી આબોહવાની સ્થિતી પુરી પાડે છે. જમીનમાં સેન્દ્રીય કાર્બનમાં વધારો થવાથી વધુ સ્થિર કાર્બન ચક્રનું નિર્માણ થાય છે અને એકંદરે કૃષિ ઉત્પાદકતામાં વધારો થાય છે.

પ્રાકૃતિક કૃષિમાં સેન્દ્રીય કાર્બન વધારવાના ઉપાયોમાં જીવામૃત અને ઘન જીવામૃતનું યોગ્ય પ્રમાણમાં અને સમયસર ઉપયોગ કરવાથી સોઈલ સેન્દ્રીય કાર્બનમાં વધારો થાય છે. વધુ બાયોમાસ ધરાવતા પાકો ઉગાડવાથી પણ કાર્બનનો સંગ્રહ વધારવામાં મદદ કરે છે. જમીનમાં આચ્છાદનનો વધારે ઉપયોગ કરવાથી જમીનમાં સેન્દ્રીય કાર્બનમાં વધારો કરી શકાય છે. પાકની ફેરબદલી, સંકલિત ખેતી પદ્ધતિ, કૃષિ વનીકરણની પદ્ધતિઓ પણ સેન્દ્રીય કાર્બન વધારવામાં મદદરૂપ નિવડે છે.

# પાક. સાથે સિંધુ જળ સંધિ હવે સ્થગિત રહેશે, પાણીને રાજસ્થાન તરફ વાળવામાં આવશે : અમિત શાહ

ન્યુ દિલ્હી,તા.૨૨



પહેલગામ આતંકવાદી હુમલા પછી, ભારતે બદલો લીધો અને પાકિસ્તાન સાથે સિંધુ જળ સંધિ સ્થગિત કરી દીધી છે. સુત્રોના જણાવ્યા અનુસાર, ભારત પાકિસ્તાન સાથે આ કરાર પુનઃસ્થાપિત કરવાના મૂડમાં નથી. ગૃહમંત્રી અમિત શાહે શનિવારે સ્પષ્ટ કર્યું હતું કે ઈસ્લામાબાદ સાથે સિંધુ જળ સંધિ ક્યારેય પુનઃસ્થાપિત કરવામાં આવશે નહીં. અમિત શાહે એક અખબારને આપેલા ઈન્ટરવ્યુમાં આ વાત કહી હતી. તેમણે કહ્યું હતું કે પાકિસ્તાનમાં વહેતા પાણીને આંતરિક ઉપયોગ માટે વાળવામાં આવશે. અમિત શાહે કહ્યું હતું કે પહેલગામ આતંકવાદી હુમલામાં ૨૬ નાગરિકોના મોત બાદ, ભારતે ૧૯૬૦ ની સંધિમાં તેની ભાગીદારી સ્થગિત કરી હતી, જે સિંધુ નદી પ્રણાલીના ઉપયોગને નિયંત્રિત કરે છે. આ સંધિએ ભારતમાંથી વહેતી ત્રણ નદીઓ દ્વારા પાકિસ્તાનના ૮૦% ખેતરો માટે પાણીની પહોંચની ખાતરી આપી હતી. તમને જણાવી દઈએ કે પાકિસ્તાને પહેલગામ આતંકવાદી હુમલામાં પોતાની કોઈપણ ભૂમિકાનો ઈનકાર કર્યો છે. પરંતુ બંને દેશો વચ્ચે તણાવ પછી, યુદ્ધવિરામ પર કરાર હોવા છતાં સંધિ નિષ્ક્રિય રહે છે. અમિત શાહે સ્પષ્ટ કર્યું હતું કે તે ક્યારેય પુનઃસ્થાપિત કરવામાં આવશે નહીં. તેમણે કહ્યું કે અમે એક નહેર બનાવીશું અને પાકિસ્તાન તરફ વહેતા પાણીને રાજસ્થાન લઈ જઈશું.

# ઈરાન-ઈઝરાયેલ યુધ્ધને લઈ ભારતમાં પેટ્રોલ-ડીઝલ, ચોખા સહિતમાં ભાવ વધારો થાય તેવી સંભાવના

નવીદિલ્હી,તા.૨૨



ક્રિસિલ રેટિંગ્સે તેના નવા અહેવાલમાં કહ્યું છે કે, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષની અત્યાર સુધી ભારતીય કોર્પોરેટ્સના વૈશ્વિક વેપાર પર કોઈ ખાસ અસર થઈ નથી. જો કે, જો આગામી સમયમાં પરિસ્થિતિ વધુ વણસે અને અનિશ્ચિતતા વધે, તો કેટલાક ઉદ્યોગ ક્ષેત્રો તેની પકડમાં આવી શકે છે. જ્યારે ઘણા પ્રકારના માલનો વેપાર ઈઝરાયલ સાથે થાય છે. આમાં ખાતર, હીરા અને ઈલેક્ટ્રિકલ સાધનો વગેરેનો સમાવેશ થાય છે. મધ્ય પૂર્વમાં વધતી અનિશ્ચિતતા ઉર્જા પુરવઠામાં વિક્ષેપ લાવી શકે છે. વિશેષ રસાયણો, પેઈન્ટ, ઉડ્ડયન અને ટાયર ક્ષેત્રો પણ તેની અસર અનુભવી શકે છે. ખાતર અને હીરા જેવા ક્ષેત્રો પણ આનાથી પ્રભાવિત થઈ શકે છે. જો અનિશ્ચિતતા લાંબા સમય સુધી ચાલુ રહે છે, તો નિકાસ-આયાત માટે હવા અને સમુદ્ર દ્વારા માલસામાનની લાગત અને વીમા પ્રીમિયમનો ખર્ચ વધી શકે છે.

એકંદરે, મજબૂત બેલેન્સ શીટને કારણે મોટાભાગની ભારતીય કંપનીઓ પર તાત્કાલિક અસર મર્યાદિત રહેવાની ધારણા છે. પરંતુ જો યુદ્ધની સ્થિતિ લાંબા સમય સુધી ચાલુ રહે, તો તેલના ભાવમાં વધારો અને સપ્લાય ચેઈનમાં વિક્ષેપને કારણે અસર વધી શકે છે. આનાથી ફુગાવો પણ વધશે.

# ચેન્નાઈથી લંડન જઈ રહેલું વિમાન ૨૦૯ મુસાફરોને લઈને અચાનક પાછું ફર્યું

ચેન્નાઈ,તા.૨૨

અમદાવાદ વિમાન દુર્ઘટના પછી, હવાઈ મુસાફરીમાં ભારે સુરક્ષા લેવામાં આવી રહી છે. ઘણી ફ્લાઈટ્સ હવામાં રદ કરીને એરપોર્ટ પર પાછી લાવવામાં આવી રહી છે. ચેન્નાઈ એરપોર્ટ પર પણ આવું જ કંઈક જોવા મળ્યું છે. બીજી હવાઈ ફ્લાઈટમાં સમસ્યાઓનો સામનો કરવો પડ્યો છે. રવિવારે લંડન જતી એક વિમાન ઓપરેશનલ કારણોસર પરત ફર્યું. ચેન્નાઈ એરપોર્ટના અધિકારીઓએ આ માહિતી આપી છે. ચેન્નાઈ એરપોર્ટના અધિકારીઓએ જણાવ્યું હતું કે વિમાન લગભગ ૨૦૯ મુસાફરો સાથે ઉડાન ભર્યા પછી તરત જ પાછું ફર્યું હતું. તેમણે કહ્યું હતું કે મુસાફરો માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી રહી છે. ઈન્ડિગો ફ્લાઈટ ૬E-૬૭૬૪ (A૩૨૧) ના પાયલોટે શનિવારે સાંજે ૪.૪૦ વાગ્યે ગુવાહાટીથી ઉડાન ભરી હતી. સાંજે ૭.૪૫ વાગ્યે, તેણે ચેન્નાઈમાં ઉતરાણ કરવાનો પ્રયાસ કર્યો પરંતુ લેન્ડિંગ ગિયર રનવેને સ્પર્શ્યા પછી, 'બાલ્કડ લેન્ડિંગ'નામની પ્રક્રિયામાં 'ફરવાનું' નક્કી કર્યું હતું.

# પાકિસ્તાન હવે સમજી ગયું છે કંઈપણ કરશે તો સજા મળશે : એસ.જયશંકર


ન્યુ દિલ્હી,તા.૨૨



ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે કહ્યું કે ભારતે હંમેશા તેના પડોશી દેશો સાથે સારા અને સરળ સંબંધોની અપેક્ષા રાખવી જોઈએ નહીં. પરંતુ ભારતે એટલી સમજદારી દાખવતી નીતિ બનાવી છે કે કોઈપણ દેશમાં સરકાર બદલાય તો પણ સંબંધો સારા રહે. જયશંકરે કહ્યું, 'આખરે, આપણા દરેક પાડોશીએ સમજવું જોઈએ કે ભારત સાથે મળીને કામ કરવાથી તેમને ફાયદો થાય છે અને આમ ન કરવાથી તેમને નુકસાન. કેટલાક દેશોને આ સમજવામાં સમય લાગે છે.' તેમણે કહ્યું કે પાકિસ્તાન એક અપવાદ છે કારણ કે તેની ઓળખ સૈન્યની આસપાસ બનેલી છે અને તે શરૂઆતથી જ ભારત પ્રત્યે દુશ્મનાવટથી ભરેલું છે. હવે પાકિસ્તાન સમજી ગયું કે કંઈપણ કરશે તો સજા પણ મળશે, પહેલા ભારતનું વલણ પાક. પ્રત્યે નરમ હતું. જયશંકરે કહ્યું કે અમેરિકા સાથેના સંબંધોમાં ક્યારેક અનિશ્ચિતતા હોય છે, તેથી ભારતે તેની સાથે વધુને વધુ સંબંધ જાળવી રાખવા જોઈએ જેથી સંબંધ સારા રહે. ચીન અંગે તેમણે કહ્યું કે સરહદ પર પરિસ્થિતિ ઘણી વખત ખૂબ જ મુશ્કેલ બની ગઈ હતી, ખાસ કરીને ગલવાન અથડામણ પછી. તેથી, આપણે સરહદ પર રસ્તાઓ અને જરૂરી સુવિધાઓ બનાવવી પડી, જેને અગાઉની સરકારો દ્વારા અવગણવામાં આવી હતી.

# દિલ્હીમાં કોરોનાનો કાળો કહેર યથાવત : વધુ એક દર્દીનું થયુ મોત

ન્યુ દિલ્હી,તા.૨૨



દેશભરમાં કોરોનાના કેસ વધી રહ્યા છે. રાજધાની દિલ્હીમાં પણ કોરોનાનો કહેર ચાલુ છે. દિલ્હીમાં કોવિડથી વધુ એક દર્દીનું મોત થયું છે. ૧ જાન્યુઆરીથી, કોરોનાને કારણે ૧૭ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. જો કે, જે દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો છે તેમાંથી મોટાભાગના કોઈ ગંભીર બીમારીથી પીડાતા હતા.રવિવારે રાજધાનીમાં કોરોનાનો કોઈ નવો કેસ નોંધાયો નથી. તે જ સમયે, ૨૪ કલાકમાં ૧૫૪ દર્દીઓ સ્વસ્થ થયા છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના કોવિડ ડેશબોર્ડ અનુસાર, સક્રિય દર્દીઓની સંખ્યા ઘટીને ૫૫૭ થઈ ગઈ છે. ૧ જાન્યુઆરીથી, કોરોનાના ૨૮૩૫ કેસ નોંધાયા છે.

# ઈરાને પહેલીવાર અત્યાધુનિક ખૈબર શેકન મિસાઈલ ઈઝરાયેલ પર છોડી


તહેરાન,તા.૨૨



ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ **(IRGC)**એ ૨૦મી વખત ઈઝરાયલ પર મિસાઈલ હુમલો કર્યો છે. આ હુમલામાં ઈરાને પહેલીવાર ખૈબર શેકન **(Kheibar Shekan)** નામની અદ્યતન બેલિસ્ટિક મિસાઈલનો ઉપયોગ કર્યો હતો. આ હુમલો બેન ગુરિયન એરપોર્ટ અને ઈઝરાયલી લશ્કરી ઠેકાણાઓને નિશાન બનાવીને કરવામાં આવ્યો હતો. ખૈબર શેકન ઈરાનની સૌથી આધુનિક અને શક્તિશાળી મધ્યમ અંતરની બેલિસ્ટિક મિસાઈલોમાંની એક છે. તેનું નામ સાતમી સદીના ખૈબર યુદ્ધથી પ્રેરિત છે, જે ઈસ્લામિક ઈતિહાસમાં એક મહત્ત્વપૂર્ણ યુદ્ધ હતું. આ મિસાઈલ ઈરાનની લશ્કરી શક્તિનું પ્રતીક છે. તે ખાસ કરીને દુશ્મન હવાઈ સંરક્ષણ પ્રણાલીઓને ચકમો આપવા માટે બનાવવામાં આવી છે. ખૈબર શેકન મિસાઈલની ૧,૪૫૦ કિ.મી રેન્જ છે, જે ઈરાનથી ઈઝરાયલ સુધી સરળતાથી પહોંચી શકે છે અને ૧૫૦૦ કિલોગ્રામ સુધીના વોરહેડ્સ વહન કરી શકે છે. ખૈબર શેકન મિસાઈલ સેટેલાઈટ નેવિગેશન અને કંટ્રોલ ફિન્સથી સજ્જ છે, જે તેને સચોટ રીતે લક્ષ્ય બનાવવા અને હવાઈ સંરક્ષણમાં પ્રવેશ કરવા સક્ષમ બનાવે છે.

# બ્રાઝિલમાં હવામાં ઉડી રહેલા બલુનમાં આગ લાગતા ૮ લોકો ભડથુ

રિયો ડી જનેરો,તા.૨૨



બ્રાઝિલમાં એક હૃદયદ્રાવક અકસ્માત જોવા મળ્યો છે. હકીકતમાં, બ્રાઝિલના દક્ષિણ રાજ્ય સાન્ટા કેટારિનામાં હવામાં જ એક ગરમ હવાના બલુનમાં આગ લાગી હતી. આ ગરમ હવાના બલુનમાં કુલ ૨૧ લોકો સવાર હતા. માહિતી અનુસાર, આ અકસ્માતમાં કુલ ૮ લોકોના મોત થયા છે, જ્યારે ૧૩ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે, જેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. આ અકસ્માત ત્યારે થયો જ્યારે ગરમ હવાનું બલુન ૨૧ લોકોના જૂથ સાથે આકાશમાં ઉડ્યું હતું. જોકે, આ બધા લોકો માટે આ રોમાંચ એક ભયંકર અકસ્માતમાં ફેરવાઈ ગયો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વધુને વધુ વાયરલ થઈ રહ્યો છે. ઘટનાની માહિતી મળતાં જ, કટોકટી સેવાઓ સક્રિય કરવામાં આવી હતી અને તમામ જરૂરી ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. અકસ્માતમાં બચી ગયેલા ૧૩ લોકોમાં પાઈલટ પણ સામેલ છે. સાન્ટા કેટરીનાના ગવર્નર જોર્ગેન્હો મેલોએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર જાનહાનિની પુષ્ટિ કરી. તેમણે કહ્યું, અમારી ટીમો પરિવારો અને પીડિતોને જરૂરી તમામ સહાય પૂરી પાડી રહી છે.????

# ડોળાસા ગામે જલારામ મંદિર ખાતે ૧૦મો પાટોત્સવ ઉજવાયો

ડોળાસા, તા.૨૨

કોડીનાર તાલુકાના ડોળાસા ગામે જલારામ મંદિર ખાતે દસમો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. ડોળાસા જલારામ મંદિર ખાતે પાટોત્સવ નિમિત્તે સવારે દસ કલાકે અન્નકૂટ દર્શન યોજાયા હતા. બપોરે બાર વાગ્યે આરતી બાદ સમૂહ પ્રસાદ કાર્યક્રમ યોજાયો હતો. સાંજે પાંચ વાગ્યે સત્યનારાયણ ભગવાનની કથા યોજાઈ હતી. મનોરથી મગનલાલ ભાણજી ભાઈ ગંગદેવ પરિવાર વતી મિલનભાઈ ગંગદેવનું લોહાણા સમાજ ડોળાસા તરફથી સન્માન કરવામાં આવ્યું હતું.



તસવીર : અનીલ કાનાબાર

# ડો. અવની વઘાસિયાનું શ્રી સ્વામિનારાયણ મહિલા સંસ્કાર કેન્દ્ર દ્વારા સન્માન કરાયું

અમરેલી, તા.૨૨



સુરતમાં શ્રી સ્વામિનારાયણ મહિલા સંસ્કાર કેન્દ્ર, ચીકુવાડી ખાતે પ.પૂ. સાંખ્યયોગી લીલાબા (અમરેલી) દ્વારા ડો. અવની વઘાસિયાનું આશીર્વાદ સાથે વિશેષ સન્માન અને કરવામાં આવ્યું હતું. ડો. અવની વઘાસિયાએ સુદામા ઓર્થોપેડિક હોસ્પિટલ, સુરતમાં માત્ર ત્રણ મહિનામાં ૧૦૦થી વધુ ઓપરેશન અને ૨૦૦૦થી વધુ ઓ.પી.ડી.માં ડો. અંકિત ઉમરેટિયા સાથે મળીને દર્દીઓને ફિઝિયોથેરાપી દ્વારા ઉત્તમ સેવાઓ પૂરી પાડી છે.

# ધોરાજીમાં મોહરમ પૂર્વે મુસ્લિમ વિસ્તારોમાં સફાઈ કરાવવા રજૂઆત કરવામાં આવી

ધોરાજી, તા.૨૨

આગામી ૨૭મી જૂનથી શરૂ થતા મોહરમ માસ પૂર્વે ધોરાજીના મુસ્લિમ વિસ્તારોમાં સફાઈ અભિયાન હાથ ધરવા સામાજિક કાર્યકર હુસેન કુરેશીએ ધોરાજી નગરપાલિકાના ચીફ ઓફિસરને રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવાયું છે કે ધોરાજીના મુસ્લિમ વિસ્તારોમાં અનેક જગ્યાએ ગંદકીના ઢગલા, વરસાદી પાણીના ખાબોચિયા અને ઉભરાતી ગટરો જોવા મળે છે, જ્યારે ભૂગર્ભ ગટરના ઢાંકણા પણ તૂટી ગયા છે. કુરેશીએ તાજિયા, છબીલ, માતમ અને વાયેજ શરીફના આયોજન સ્થળો તેમજ ખ્વાજા સાહેબ દરગાહ ગ્રાઉન્ડ સહિતના વિસ્તારોમાં તાત્કાલિક સફાઈ અને ભૂગર્ભ ગટરની સફાઈ કરવાની માંગ કરી છે.



તસવીર : નયન કુહાડીયા

# ઉનાના વાવરડા ગામે સિંહનો પશુ પર હુમલો : રહેણાંક વિસ્તારમાં ભયનો માહોલ

**યુવા પત્રકારના ઘર નજીક સિંહે વાછરડાનું મારણ કર્યું, વન વિભાગે ઘટનાસ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી**

ઉના,તા.૨૨



તસવીર : કૈલાશ ભટ્ટ

ઉના તાલુકાના ગામડાઓમાં સિંહોનો વસવાટ જાણે સામાન્ય બની ગયો હોય તેમ, વહેલી સવારે વાવરડા ગામે એક ચોંકાવનારી ઘટના બની હતી. કંસારી રોડ ઉપર આવેલા રહેણાંક વિસ્તારમાં, યુવા પત્રકાર જયંતિભાઈ વાંજાના ઘર પાસે ખોરાકની શોધમાં આવી ચડેલા સિંહે એક વાછરડા પર હુમલો કરીને તેનું મારણ કર્યું હતું.

આ ઘટનાથી ગામમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો. જયંતિભાઈ વાંજા અને ગામના સરપંચ નનુભાઈ બારૈયાએ તાત્કાલિક વન વિભાગને જાણ કરી હતી. જાણ થતા જ વન વિભાગના કર્મચારી ચાવડા સહિતની ટીમ તાત્કાલિક સ્થળ ઉપર પહોંચી ગઈ હતી અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, આ રહેણાંક વિસ્તારમાં અગાઉ પણ દીપડાએ એક વાછરડીનું મારણ કર્યું હતું. આ વિસ્તારમાં અવારનવાર સિંહ અને દીપડા જેવા હિંસક પ્રાણીઓ આવી જતા હોવાથી લોકોમાં દહેશતનો માહોલ વ્યાપ્યો છે.

# સોમનાથ મહાદેવના સાન્નિધ્યમાં 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી

ગીર સોમનાથ,તા.૨૨




૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે સોમનાથ મહાદેવના સાનિધ્યમાં મંદિરની પાસે આવેલા ચોપાટી મેદાન ખાતે 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી થઈ હતી. ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના ચેરમેન હિમાંજય પાલીવાલની ઉપસ્થિતિમાં યોગાભ્યાસનો કાર્યક્રમ યોજાયો હતો. તેમણે યોગનું મહત્વ સમજાવતાં જણાવ્યું હતું કે, આપણે સૌ વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી કરી રહ્યા છીએ. આ દિવસ ફક્ત એક તારીખ નથી, પરંતુ સ્વાસ્થ્ય, શાંતિ અને એકતાનું પ્રતીક છે, જે આપણા પ્રાચીન ભારતીય જ્ઞાનની વૈશ્વિક સ્વીકૃતિ દર્શાવે છે. આ ઉપરાંત જિલ્લાની કચેરીઓ, પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો, સબ સેન્ટરો, પોલીસ સ્ટેશન ખાતે પણ યોગના કાર્યક્રમો થકી 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સમગ્ર જિલ્લામાંથી આશરે બે લાખ નાગરિકોએ યોગાભ્યાસ કર્યો હતો. આ અવસરે વડાપ્રધાનની અધ્યક્ષતામાં વિશાખાપટ્ટનમ ખાતેથી તેમજ મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં વડનગર ખાતેથી થઈ રહેલી રાજ્ય કક્ષાની યોગ દિવસની ઉજવણીનું જીવંત પ્રસારણ પણ દર્શાવવામાં આવ્યું હતું. આ અવસરે જિલ્લા પંચાયતના પ્રમુખ મંજુલાબેન મૂછાર, ધારાસભ્ય ભગવાનભાઈ બારડ, વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકા પ્રમુખ પલ્લવીબહેન જાની, જિલ્લા વિકાસ અધિકારી સ્નેહલ ભાપકર, જિલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજા, અગ્રણી સર્વ સંજયભાઈ પરમાર સહિત જિલ્લાના પદાધિકારીઓ-અધિકારીઓ, પોલીસ જવાનો, વિદ્યાર્થીઓ, વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓ સહિત ૨૫૦૦ થી વધુ નાગરિકો જોડાયાં હતાં.

# અમરેલી સહિત રાજ્યના અનેક જિલ્લાઓમાં વરસાદનું યલો એલર્ટ

અમદાવાદ,તા.૨૨

ગુજરાતમાં છેલ્લાં ઘણાં દિવસથી મેઘરાજાની બેટિંગ શરૂ છે. એવામાં શનિવારે રાજ્યના વિવિધ વિસ્તારોમાં ભારે વરસાદ જોવા મળ્યો હતો. જેમાં ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગ અનુસાર, રવિવારે બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં અતિ ભારે વરસાદની આગાહીને પગલે એલર્ટ તો અન્ય ૧૬ જિલ્લામાં ભારે વરસાદ થવાનું ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. હવામાન વિભાગની આગાહી અનુસાર, રવિવારે કચ્છ, પાટણ, સુરેન્દ્રનગર, અમદાવાદ, મહેસાણા, ગાંધીનગર, અરવલ્લી, મહીસાગર, દાહોદ, તાપી, નર્મદા, સુરત, ડાંગ, વલસાડ, નવસારી અને દાદરા અને નગર હવેલીમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું હતું,



જ્યારે અન્ય જિલ્લામાં યેલો એલર્ટ છે. આ સિવાય દક્ષિણ ગુજરાતના સુરતમાં પણ ૩.૩ ઈંચ વરસાદ નોંધાયો હતો. આજે ૨૩ જૂને બનાસકાંઠા, અમરેલી, ભાવનગર, નવસારી અને વલસાડ જિલ્લામાં અતિ ભારે અને કચ્છ, સાબરકાંઠા, અરવલ્લી, તાપી, સુરત, ડાંગ, પાટણ, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, મહીસાગર, દાહોદ, મોરબી, જામનગર, બોટાદ, ખેડા, પંચમહાલ, આણંદ, રાજકોટ જિલ્લામાં ગાજવીજ સાથે ભારે વરસાદને લઈને યલો એલર્ટ જાહેર કર્યું છે.

# રાજ્યની ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ઉત્સાહભેર મતદાન, ઉમેદવારોનું ભાવિ મતપેટીમાં સીલ

ગાંધીનગર,તા.૨૨

રાજ્યભરમાં રવિવારે સરપંચનો રણસંગ્રામ જોવા મળ્યો હતો. ગ્રામ પંચાયતની ચૂંટણી માટે મતદાન થયું હતું. વહેલી સવારથી જ મતદારો મતદાન માટે ઉમટી પડ્યા હતાં. ગ્રામ્ય વિસ્તારમાં મતદાન માટે મતદારોનો ઉત્સાહ અનેરો જોવા મળ્યો હતો. રવિવારે રાજ્યભરમાં ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે સવારે ૭થી સાંજના ૬ વાગ્યા સુધી મતદાન થયું



હતું. રાજ્યની ૩,૫૪૧ ગ્રામ પંચાયતોમાં સામાન્ય ચૂંટણી યોજાઈ હતી. જયારે ૩૫૩ ગ્રામ પંચાયતોની પેટાચૂંટણી યોજાઈ હતી. ૩,૬૫૬ સરપંચ, ૧૬,૨૨૪ સભ્યોની બેઠક માટે ચૂંટણી થઈ છે. રાજ્યમાં ૧૦,૪૭૯ મતદાન મથકો પર પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ગ્રામ પંચાયતના મતદાન વચ્ચે અરવલ્લીમાં સરપંચ પદના ઉમેદવાર પર હુમલાનો બનાવ બન્યો હતો. વણીયાદ ગામમાં ઉમેદવાર સૌરભ ત્રિવેદી પર ઘાતક હુમલો થયો હતો. ઉમેદવારની કાર પર પથ્થરમારો કરાયો હતો. ઘાતક હુમલો કરતાં સારવાર માટે ખસેડાયા છે. તેમણે ૧૨ જેટલા અસામાજિક તત્વો પર હુમલો કર્યાનો આરોપ લગાવ્યો છે. આ ઘટના અંગે ટીંટોઇ પોલીસને જાણ કરાઇ હતી.

# સંતરામપુર બાયપાસ રોડ પર અકસ્માતમાં બે લોકોના મોત

મહીસાગર,તા.૨૨

મહીસાગર જિલ્લાના સંતરામપુર બાયપાસ રોડ પર ટ્રક અને તુફાન ગાડી વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા ૨ લોકોના ઘટના સ્થળે કરુણ મોત નિપજ્યા હતા. જ્યારે તુફાન ગાડીમાં સવાર ૧૪ને ગંભીર ઈજાઓ પહોંચી હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે. અકસ્માતમાં તુફાન ગાડી સંપૂર્ણ પણે ક્ષતિગ્રસ્ત થઈ છે. અકસ્માત સર્જાતા તાત્કાલિક ધોરણે લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને તરત જ પોલીસને જાણ કરતા ઈજાગ્રસ્ત લોકોને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. પ્રાપ્ત થતી માહિતી અનુસાર સંતરામપુર બાયપાસ રોડ પર ટ્રક અને તુફાન ગાડી વચ્ચે અકસ્માત સર્જાયો હતો. તુફાન ગાડીમાં સવાર ૧૪ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. અકસ્માતમાં ૨ લોકોના મોત થયા હતા. જો કે સંતરામપુર પોલીસે ઘટના સ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ગુજરાત હવે ગ્લોબલ ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ હબ બનશે : મુખ્યમંત્રીએ નવી પોલિસી જાહેર કરી

ગાંધીનગર,તા.૨૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતની પોલિસી ડ્રિવન સ્ટેટ તરીકેની વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં પ્રસ્થાપિત થયેલી ઈમેજને વ્યાપક બનાવવા વધુ એક પોલિસી ગુજરાત ઈલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ પોલિસી-૨૦૨૫ જાહેર કરી છે. ગુજરાતને ગ્લોબલ ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગનું પાવર હાઉસ બનાવવાની નેમ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જાહેર કરેલી આ પોલિસીની વિશેષતા એ છે કે, કેન્દ્ર સરકારના મેટી દ્વારા મંજૂરી અને સહાય પ્રાપ્ત આવા એકમોને ગુજરાતમાં પણ કેન્દ્રીય ધોરણે ૧૦૦ ટકા સહાય પ્રોત્સાહન મળશે. એટલે કે, ગુજરાતમાં સ્થપાનારા આવા મેટી મંજૂરી મેળવેલા પ્રોજેક્ટસને કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર એમ બેવડા પ્રોત્સાહન લાભ મળી



શકશે. આ પોલિસી કેન્દ્ર સરકારની ઈસીએમએસ પોલિસીને સુસંગત છે તેમજ ૧૦૦ ટકા ટોપઅપ અનુસરણ કરીને સરળતાથી ઓછામાં ઓછા સમયમાં સહાય પ્રોત્સાહન ઉપલબ્ધ કરાવાશે. એટલું જ નહીં, મેટી દ્વારા એકવાર ઈસીએમએસ હેઠળ પ્રોજેક્ટ મંજૂર થયા પછી રાજ્યમાં સ્થપાનારા પ્રોજેક્ટ્સને આપમેળે સમાન ગ્રાન્ટ - સહાયપાત્ર બનશે અને કેન્દ્ર સરકાર દ્વારા સહાય ચૂકવાયા બાદ ૩૦ દિવસમાં રાજ્ય સરકાર દ્વારા પ્રોત્સાહન સહાય ચૂકવી દેવાશે.

# દમણથી દારૂ ભરેલો ટેમ્પો રાજકોટ પહોંચે તે પહેલા જ નવસારી પોલીસે ઝડપી પાડ્યો

નવસારી,તા.૨૨

નવસારી એલસીબીએ ગેરકાયદે દારૂના જથ્થાની મોટી હેરાફેરીને ઝડપી પાડી છે. નવસારીની ક્રાઈમ બ્રાન્ચે દારૂની હેરફેર અને તેની ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે કડક પગલા લઈ વધુ એક સફળ ઓપરેશનને અંજામ આપ્યો છે. નેશનલ હાઈવે નંબર ૪૮ પર મુંબઈથી અમદાવાદ જતા માર્ગ પર સુથવાડ ગામની સીમમાં બાતમીના આધારે નાકાબંધી ગોઠવીને દારૂ સાથે એક ટ્રક ઝડપવામાં આવ્યો હતો. આ ઓપરેશનમાં પોલીસે ૧,૩૪૪ બોટલ ભારતીય બનાવટનો વિદેશી દારૂ (વ્હીસ્કી અને વોડકા) ઝડપી પાડ્યો હતો, જેની અંદાજીત કિંમત ૪,૨૦,૦૦૦ છે. જ્યારે વાહન સહિત કુલ મુદ્દામાલની કિંમત ૭,૨૫,૦૦૦ ગણાવવામાં આવી છે. આ ઓપરેશન દરમિયાન રાજકોટના આશીષ ઉર્ફે બાડો રતીલાલ સૈજાને ઝડપી પાડવામાં આવ્યો હતો, જે ટેમ્પો ચલાવી રહ્યો હતો. વધુ તપાસમાં જાણવા મળ્યું કે, આ દારૂનો જથ્થો દમણથી મંગાવવામાં આવ્યો હતો અને રાજકોટ પહોંચાડવાનો હતો.

# અમદાવાદમાં પાંચ લાખની માંગણી કરનાર ત્રણ લોકો એસીબીની ઝપટે

અમદાવાદ,તા.૨૨

અમદાવાદના એક ફરિયાદીને તેમની બહેનની જમીનમાં KJP દુરસ્તી સુધારો કરાવવાનો હતો. આ કામ માટે તેમણે DIRL કચેરી, વાડજ ખાતે સંપર્ક કર્યો હતો. ત્યાં તેમને ગૌતમ યાજ્ઞિક નામના સરકાર માન્ય લાયસન્સી સર્વેયર મળ્યા હતા. ગૌતમ યાજ્ઞિકે KJP સુધારો કરી આપવા માટે ૫ લાખની લાંચની માંગણી કરી હતી. લાંચની



આ રકમ ફરિયાદીએ જમીન દલાલ નવગણસિંહ ડોડીયા અને મનીષ પગીને આપવાની હતી. લાંચની આ માંગણીથી પરેશાન થઈને ફરિયાદીએ તાત્કાલિક ACBનો સંપર્ક કર્યો અને સમગ્ર મામલાની જાણ કરી હતી. ACB દ્વારા આ અંગે લાંચ માટેનું છટકું ગોઠવવામાં આવ્યું હતું. યોજના મુજબ, બોપલ-આંબલી ચાર રસ્તા પાસે લાંચની રકમ લેવા માટે બંને જમીન દલાલ નવગણસિંહ ડોડીયા અને મનીષ પગી આવ્યા હતા. ACBની ટીમે બંને જમીન દલાલોને લાંચ લેતા રંગેહાથે ઝડપી પાડ્યા હતા. આ કેસમાં ACB દ્વારા ગૌતમ યાજ્ઞિક, નવગણસિંહ ડોડીયા અને મનીષ પગી એમ ત્રણેય આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

# અમરેલી સહિત રાજ્યમાં ધો. ૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષા આજથી શરૂ

અમદાવાદ,તા.૨૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષા આજથી શરૂ થશે. પૂરક પરીક્ષામાં જે વિદ્યાર્થીઓ નાપાસ થયા હોય તે વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. ઉપરાંત જે વિદ્યાર્થીઓ પાસ થયા હોય પરંતુ પરિણામ સુધારવા ઈચ્છતા હોય તે વિદ્યાર્થીઓ પણ આ પરીક્ષા આપશે. આ વર્ષે ધોરણ ૧૦ અને ૧૨ના કુલ ૧.૯૫ લાખ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા માટે નોંધાયા છે. ૨૩ જૂનથી ૩ જુલાઈ દરમિયાન ધોરણ ૧૦ અને ૧૨ ની પૂરક પરીક્ષા યોજાશે. બોર્ડની પરીક્ષાની જેમ જ આ પૂરક પરીક્ષા રાખવામાં આવી છે.



અમદાવાદમાં ૫૧ બિલ્ડિંગમાં ૧૯ હજારથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે. જ્યારે રાજ્યભરના ધોરણ ૧૦ અને ૧૨ના મળીને કુલ ૧.૯૫ લાખ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપવાના છે. નાપાસ થયા હોય તે અને પાસ થયા હોય તે વિદ્યાર્થીઓ પણ પોતાનું પરિણામ સુધારવા માટે એક, બે અથવા તો તમામ વિષયની પૂરક પરીક્ષા આપી શકશે. આ પરિણામમાંથી જે પરિણામ ઊંચું હશે તે માન્ય રહેશે.

# વિસાવદર વિધાનસભા પેટાચૂંટણી : બોગસ મતદાન બાબતે પોલીસ ફરિયાદ નોંધાઈ

વિસાવદર,તા.૨૨

વિસાવદર વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે ગઈ ૧૯ જૂનના રોજ મતદાન થયું હતું. ૮૭ વિસાવદર વિધાનસભા પેટાચૂંટણીના નવા વાઘણીયા ગામે પ્રાથમિક શાળાના ૧૧૧ નંબરના બુથ પર સાંજના ૪ વાગ્યે અજાણ્યા શખ્સોએ ઘૂસી આવી મત કુટિર સુધી પહોંચી બળજબરીથી મત



નાખવાની કોશિશ કરી હતી. અને પ્રિસાઈડિંગ ઓફિસર શરદકુમાર કિશોરભાઈ ભુવાની ફરજમાં રૂકાવટ કરી હતી. આવો જ બનાવ ભેસાણ તાલુકાના ગામે મતદાન મથકમાં ગુરૂવારની સાંજે ૫:૩૫ કલાકે અજાણ્યા શખ્સોએ પ્રવેશી ફરજ પરના રાજુભાઈ લાલજીભાઈ ચિત્રોડા અને સાથી કર્મચારીઓની ફરજમાં રૂકાવટ કરી હતી. બંને ઘટનાના ૨૪ કલાક બાદ શુક્રવારે સાંજે ભેસાણ પોલીસે શરદકુમાર ભુવા અને રાજુભાઈ ચિત્રોડાની ફરિયાદ લઈ અજાણ્યા શખ્સો સામે જુદી જુદી કલમ મુજબ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

# ઓસ્ટ્રેલિયન કોન્સ્યુલ જનરલ પોલ મર્ફી જામનગરની મુલાકાતે આવી પહોંચ્યા

જામનગર,તા.૨૨

ઓસ્ટ્રેલિયન કોન્સ્યુલ જનરલ પોલ મર્ફી અને તેમની ટીમે જામનગરની મુલાકાત લીધી હતી. તેમની સાથે વાઈસ કોન્સ્યુલ યાન સિંકલેર અને મુંબઈ સ્થિત વિદેશી બાબતોના સંશોધન અધિકારી ઐશ્વર્યા વર્મા પણ જોડાયા હતા. પ્રતિનિધિમંડળે ધારાસભ્ય દિવ્યેશ અકબરીના જનસંપર્ક કાર્યાલયની મુલાકાત લીધી હતી. બંને દેશો વચ્ચે વેપાર, ઉદ્યોગ,



રમતગમત, શિક્ષણ અને સ્વાસ્થ્ય ક્ષેત્રે સહયોગની શક્યતાઓ અંગે ચર્ચા થઈ હતી. ગુજરાતમાં યોજાનાર આગામી ઓલમ્પિક અંગે પણ વિશેષ વાતચીત કરવામાં આવી હતી.

# વડોદરામાં ટેમ્પોએ બાઈકસવાર દંપતીને અડફેટે લેતા બંનેના મોત

વડોદરા,તા.૨૨

વડોદરા શહેરના વાઘોડિયા બ્રિજ ઉપર એક્ટિવા સવાર દંપતીને પૂરપાટ ઝડપે દોડી રહેલ આઈસર ટેમ્પોના ચાલકે અડફેટે લેતા દંપતીનું સ્થળ પર જ કમકમાટી ભર્યું મોત નિપજ્યું હોવાની ઘટના સામે આવી છે. ભાઈ ભાભીનું મોત નિપજાવનાર ટ્રકચાલક વિરુદ્ધ બહેનની ફરિયાદના આધારે કપૂરાઇ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ




ધરી છે. શહેરના વાઘોડિયા ડભોઇ રીંગ રોડ ઉપર આવેલ નારાયણ સ્કૂલ નજીક આદિત્ય ઓર્બીટમાં રહેતા અને એલ.એન્ડ.ટી. કંપનીમાં નોકરી કરતા લલીતભાઈ મુરલીધર ભંગાલે વહેલી સવારે બાપોદ ખાતેની એસએસવી શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતી પત્ની રૂજુદાને બાપોદ ખાતે શાળામાં નોકરી પર મૂકવા જવા માટે એકટીવા લઈ નીકળ્યા હતા. તે સમયે વાઘોડિયા બ્રિજ ઉપર પૂરપાટ ઝડપે પસાર થઈ રહેલ એક આયશર ટ્રકના ચાલકે દંપતીને અડફેટે લેતા બંનેને ગંભીર ઈજાઓ પહોંચતા સ્થળ પર જ બંનેનું કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું.




# રાજકોટમાં કલરની ડોલમાં દારૂની હેરાફેરી કરતા શખ્સને પોલીસે ઝડપી પાડ્યો

રાજકોટ,તા.૨૨

રાજકોટમાં બુટલેગરો દ્વારા દારૂની હેરાફેરી માટે અવનવા કીમિયા અપનાવવામાં આવી રહ્યા છે, પરંતુ રાજકોટ પોલીસે આવા તમામ પ્રયાસોને નિષ્ફળ બનાવવામાં સફળતા મેળવી છે. રાજકોટમાં પરશુરામ ચોકડી ખાતેથી વેજાગામ જતા રસ્તે સફેદ કલરની કારમાં એક શખ્સ કલરની ડોલમાં વિદેશી દારૂની હેરાફેરી કરી રહ્યો છે એવી બાતમીને આધારે પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી અને બાતમી મુજબની સ્વીફ્ટ કારને રોકી હતી. કારમાંથી પ્રિયાંક મહેતા નામના શખ્સને



ઝડપી પાડવામાં આવ્યો હતો. શરૂઆતમાં તો આરોપી જાણે ખરેખર કલર લઈ જતો હોય તેવો ઢોંગ કરી રહ્યો હતો. પોલીસને તેની પાસેથી કલરની સીલપેક ડોલ મળી આવી હતી. પોલીસ દ્વારા આ ડોલ ખોલવામાં આવતા સૌ કોઈ ચોંકી ઉઠ્યા હતા, કારણ કે તેમાંથી કલરને બદલે વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની ૨,૨૨,૪૮૦ની કિંમતની કુલ ૭૨ બોટલો મળી આવી હતી.

